
# શ્રી સ્વામિનારાયણ

# SHREE SWAMINARAYAN

August'2004



પોતાના દાદાના સંકલ્પ
(પ્રસાદીની વસ્તુઓ)
આપણી TERE સ્કુલ નારણપુરાના સમીપે
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની
ઓફીસની ખાત વિધિ
પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીના
વરદ્ હસ્તે સંપન્ન થઈ.
સાથે પૂ. શ્રીરાજા

પ્રકાશકઃ-
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧
Publisher:-
Shree Swaminarayan Temple, Ahmedabad-1



સુપ્રસિધ્ધ અંબાજી તીર્થ ખાતે પ.ભ.હરિકૃષ્ણભાઈ ઠક્કરને ત્યાં સત્સંગ સભા પ્રસંગે પધારેલા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી નિજ મંદિરમાં પધાર્યા ત્યારે સ્થાનિક હરિભક્તો અને ભાવિક ભક્તોએ દર્શન આશીર્વાદનો લાભ લીધો હતો.



આબુરોડ શ્રી સ્વામિનારાયણ આશ્રમની મુલાકાતે
પ.પૂ.લાલજી મહારાજશ્રી સંત મંડળ સાથે



અયોધ્યા ખાતે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં
પાટોત્સવ પ્રસંગે અન્નકૂટની આરતી ઉતારતાં
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી




સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૩૦૧-૦૦
વિદેશમાં રૂા. ૨૦૦૧-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.


SHREE SWAMINARAYAN

# શ્રી સ્વામિનારાયણ


વર્ષ - ૩૭ ઓગસ્ટ - ૨૦૦૪


## અ નુ ક્ર મ ણિ કા


૧. અસ્મદીયમ્ ૨

૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૩

૩. આત્માની મુક્તિનો ઉપાય અંતઃકરણ શુદ્ધ બને તો હરિ ઓળખાય ૪

૪. શિખા ધારણનું રહસ્ય ૬

૫. સહજાનંદ રૂપી સૂર્ય ૮

૬. ગુરુ પૂર્ણિમા અને પ.પૂ. બાળ લાલજી મહારાજના જન્મોત્સવ પ્રસંગે ૯

૭. ઝુલાવું પ્યારા હિંડોળે ૧૨

૮. ઐશ્વર્ય મૂર્તિ સચ્ચિદાનંદ સ્વામી ૧૪

૯. મન અધિક કે વચન અધિક ? ૧૬

૧૦. સત્સંગી માત્રની ધ્રુવ માકડી ૧૯

૧૧. મા-બાપે બાળકોને સમય આપવો જોઈએ ? ૨૨

૧૨. સત્સંગ બાલવાટિકા ૨૪
(૧) સંસારમાં રહીને સત્સંગ થાય

૧૩. સત્સંગ સમાચાર દેશ-વિદેશના ૨૫



: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૯૮૧૮. ફેક્સ : ૨૨૧૭૯૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૯૯૭૯૭.

# અસ્મદીયમ્

## તંત્રીશ્રીની કલમે....

અધિક શ્રાવણ પુરુષોત્તમ માસ એટલે ભગવાનને પ્રિય થવા માટેનો સુંદર અવસર. ભારત ભરમાં સર્વ સંપ્રદાયોમાં અને દરેકે દરેક દેવોના મંદિરોમાં આ માસમાં વિશેષ ભક્તિ આરાધના થાય છે. જેથી પુરુષોત્તમ પ્રાપ્તિનો માર્ગ જગતમાં ભટકતા જીવોને મળી રહે છે. પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિ એટલે જ આત્યંતિક મોક્ષ. જ્યાં સુધી આત્યંતિક મોક્ષની જીવને પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વારંવાર જન્મ અને મૃત્યુના ફેરામાં જીવને ભટકતા જ રહેવું પડે છે. પૂર્ણ પુરુષોત્તમ નારાયણના ચરણ સિવાય સર્વત્ર કાળનો ભય છે. અને જ્યાં કાળની ગતિ હોય ત્યાં સ્વાભાવિક જ છે કે ત્યાં મૃત્યુ અવશ્ય ભાવિ છે જ. સમય અવધી નક્કી થાય ત્યાં જ મૃત્યુંનું આગમન થાય છે. પૂર્ણ પુરુષોત્તમ નારાયણના ચરણારવિંદમાં જીવ પહોંચે ત્યાં કોઈપણ પ્રકારના કાળની અવધી નથી. જેથી ત્યાં કાળની ગણત્રી નથી થતી અને એટલે જ જીવ માત્ર ત્યાં સર્વપ્રકારે નિર્ભય બની જાય છે. નિર્ભય બનીને પુરુષોત્તમનારાયણના ચરણમાં ભક્તિ આરાધના પૂર્વકનું સમર્પણ કરવાનો શુભ અવસર ફરીવાર એક હજાર દિવસો પછી મનુષ્યના જીવનમાં આવે છે. એમાં ભક્તિ આરાધના માટે અતિ પવિત્ર અને શ્રીહરિને પ્રિય એવો શ્રાવણ માસ ને આવતા પુરા છ હજાર દિવસો વીતી જાય પછી એટલે કે અઢાર વર્ષે ફરીથી અધિક શ્રાવણ પુરુષોત્તમ માસ આવે છે. આટલા લાંબા સમયે આવતા આ શુભ મોક્ષકારી યોગનો અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પૂર્ણપુરુષોત્તમ નારાયણ ભગવાનશ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે બાથમાં લઈને સ્થાપન કરેલા પરમ કૃપાળુ પરમાત્માનું સાક્ષાત્ પ્રત્યક્ષ સ્વરૂપ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં અસંખ્ય ભાવિક ભક્તોએ તન, મન, ધનથી સમર્પણ કરીને રાજીપો પ્રાપ્ત કરી લેવાનો જેમણે પણ પ્રયત્ન કરેલ છે. તે સૌના ઉપર પરમ કૃપાળુ પરમાત્માની કૃપા અવશ્ય ઉતરશે અને અંત્યે પોતાના ચરણમાં આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરશે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
ના જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુલાઇ - ૨૦૦૪)

૨. ગુરુપૂર્ણિમાના રોજ અમદાવાદ મંદિરમાં દેશોદેશના સંત-હરિભક્તો દ્વારા ગુરુપૂજન કરી આશીર્વાદ મેળવ્યા.
૪. પ.ભ. અનીલભાઈના મનન મોટર્સના નવા શોરૂમમાં પધરામણી નરોડા. પ.ભ. કનુભાઈ પોપટલાલ ઠક્કરને ત્યાં પધરામણી, સેટેલાઈટ. પ.ભ. પ્રકાશકુમાર જયંતીલાલ પટેલને ત્યાં પધરામણી, બોપલ. પ.ભ. ચિમનભાઈ પરસોત્તમદાસને ત્યાં પધરામણી, સેટેલાઈટ. પ.ભ. કૌશિકભાઈ સી. જોશીને ત્યાં પધરામણી, નવરંગપુરા.
૫. પ.ભ. નારણભાઈ ઈશ્વરભાઈ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, સોજાફાર્મ.
૭. બાલવા ગામે પ.ભ. ભરતભાઈ જી. ચૌધરીને ત્યાં પધરામણી,
૧૧. પ.પૂ. બાળ લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૭મો જન્મોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો.
૧૨. મે. ઈન્ટિગ્રલ (ઈન્ડીયા) ઓટો એસેસરીજની દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, મીઠાખળી.
પ.ભ. અમૃતભાઈ વેલજીભાઈ ગામેતી ને ત્યાં પધરામણી, ઘાટલોડિયા.
૧૩. પ.ભ. જેઠાલાલ જીવીદાસ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.
પ.ભ. રવિન્દ્રભાઈ અમૃતલાલ સોમપુરાને ત્યાં પધરામણી, રાણીપ.
૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ મહાપૂજા પ્રસંગે પધરામણી.
પ.ભ. ઘનશ્યામભાઈ મુળજીભાઈ ઠક્કરને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, શ્રી સ્વામિનારાયણ મંદિર પાસે.
૨૦. અધિકમાસ નિમિત્તે શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્‌ હસ્તે વેદવિધિસર સંપન્ન થયો.
૨૨. ઘનશ્યામ વાડી સ્વાગત હોલ રાણીપ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૨૩. પ.ભ. ઘનશ્યામભાઈ શકરાભાઈ પટેલ (ઉવારસદવાળા) દ્વારા આયોજીત સત્સંગ સભામાં પધાર્યા, સ્વા.મં. નારણપુરા.
૨૪-૨૫. અંબાજી ગામે પ.ભ. હરિકૃષ્ણભાઈ ઠક્કરને ત્યાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૨૬. અધિક માસ નિમિત્તે બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્‌ હસ્તે સંપન્ન થયો.
૨૮. પ.ભ. ચંદ્રિકાબેન પોપટલાલ ઠક્કરને ત્યાં પધરામણી, સેકટર-૩૦, ગાંધીનગર.
૨૯. અધિક માસ નિમિત્તે શ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્‌ હસ્તે કર્યો.
પ.ભ. દિનેશકુમાર મગનલાલ પટેલને (ડાંગરવાવાળા) ત્યાં પધરામણી, રાણીપ.
૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર મકાખાડ કથા પારાયણ પ્રસંગે પધરામણી.



## ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુલાઇ - ૨૦૦૪)

૨. ગુરુપૂર્ણિમાના રોજ અમદાવાદ મંદિરમાં દેશોદેશના સંત-હરિભક્તોએ ગુરુ પૂજન કરી આશીર્વાદ મેળવ્યા.
૩-૪. માઉન્ટ આબુમાં સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.
૧૧. પ.પૂ. બાળ લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૭મો જન્મોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો.
૧૬. નિલકંઠ ક્લાસીસના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, બાપુનગર.
૧૭-૧૮-૧૯. જયપુર (રાજ.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ યુવા શિબિર પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થઈ.
૨૦. રાણીપ ઘનશ્યામવાડીમાં કથા પારાયણ પ્રસંગે પધરામણી.
૨૩ જુલાઈ થી ૨૫ ઓગસ્ટ - યુ.કે. અને અમેરિકામાં સત્સંગ યુવા શિબિર પ્રસંગે પધરામણી.

# આત્માની મુક્તિનો ઉપાય અંતઃકરણ શુદ્ધ બને તો હરિ ઓળખાય

- ગોરધનભાઈ શંકરદાસ (સોજા)

મનુષ્ય જન્મ દુર્લભ છે. તેની પ્રાપ્તિ અનેક જન્મોનાં સુકૃત કર્મનું ફળ પ્રાપ્ત થયા પછી સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા । સર્વે ભદ્રાણિ પસ્યન્તુ, મા કશ્ચિત્ દુઃખભાગ્ ભવેત્ ॥ વિશ્વકલ્યાણ હેતુ મોક્ષધર્મ દ્વારા જીવનનાં ઉચ્ચતમ શિખરો સર કરી કામ, ક્રોધ અને વૈરનું શમન કરવા હેતુ વિશ્વમાં વૈયક્તિ, સામાજિક અને સમગ્ર રાષ્ટ્રમાં શાંતિ સમૃદ્ધિ વધારવા સારુ શ્રી સ્વામિનારાયણ ભગવાનના વ્યસનમુક્તિના આદર્શને વિશ્વમાં ફેલાવવા સારું નિર્વ્યસની, નિર્વાસનિક, નિષ્કામી, નિર્મોહી, નિઃસ્વાદી, નિઃસ્નેહી અને નિસ્વાર્થી પરોપકારી બની સર્વજીવન હિતાવહ સંત સમાગમ કરી પરમપદની પ્રાપ્તિ માટે જ્ઞાનવૈરાગ્ય ધર્મ સહિતની ભક્તિ કહેતાં, અબાલ-વદ્ધ સૌ જન-પ્રાણીઓની અહિંસક વૃત્તિ રાખી સેવા-ધર્મ કરવાનો શુભ-હેતુ મનુષ્ય જીવન પ્રાપ્તિનો છે. એટલે તો શ્રીહરિએ શિક્ષાપત્રીમાં સૌને આજ્ઞા આપી છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને અવળચંડા, અવિનયી, ચરિત્રહીન, ઉડાઉ, લોભી, અસત્યવાદી એવો સ્ત્રી અને ધનની વાસનાવાળો તેની મિત્રતા ન કરવાનું કહે છે. ધર્મનો ક્ષય થાય તે કર્મ ન કરવાનું તથા માતા, પિતા, ગુરુ, રોગી આદિની સેવા કરવાનું કહે છે. તો વિચારીએ પ્રભુના મોક્ષ માર્ગમાં ચાલતાં વિઘ્ન કર્તા-આપણા શત્રુ કોણ છે ? આપણે પોતે પોતાના શત્રુ છીએ ? કે બીજા કોઈ ?



દુઃખ જીવનની ઘટમાળમાં હરિ-આજ્ઞા ભંગ થતાં આવે છે. જે સહન કર્યે જ છૂટકો છે. પણ પ્રભુની સૃષ્ટિમાં અનેરો આનંદ છે. સુખ છે તો પછી દુઃખ છે. આજે **"પ્રદૂષણ દૂર કરો અને રોગ અટકાવો."** ના નારા સંભળાય છે, પણ શ્રીહરિની આજ્ઞાનું સૌ પાલન કરે તો -

જીવનમાં રોગ અને પ્રદૂષણ આવે ક્યાંથી ? એટલે પ્રભુ આજ્ઞા ભંગનું પરિણામ દુઃખ છે. અને સર્વે દુઃખનું મૂળ છે, મનુષ્યનું પોતાનું જ અહમ્ આવ્યું ક્યાંથી ? પ્રભુની સૃષ્ટિ અને તેના સર્જનમાં હસ્તક્ષેપનું પરિણામ સૂક્ષ્મ શરીર કહેતાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અને સ્પર્શ, ગંધ, રુપ, શબ્દ અને રસ. તેથી તો સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી હૃદયપ્રકાશમાં કહે છે -

*શબ્દ, સ્પર્શ, રૂપ,*
*રસ સારો ગંધ સુગંધ,*
*દુઃખદાઈ દેખી*
*દિલે તજવો મારે સંબંધ.*
*પૂરણ કૃપા કરી હરિ,*
*આપ્યો અમૂલ્ય અવતાર,*
*અંતરશત્રુ જીતવા,*
*સારો દીધો સમાજ.*
*ભવજળ પાર ઉતરવા,*
*નરતન ઉત્તમ ઝાજ,*
*તે આપ્યું અવિનાશીએ*
*દયા કરીને દયાળ.*

એટલે શ્રીહરિની આજ્ઞા પાલનમાં, ભક્તિ અને ધર્મ પાલનમાં જેટલી આળસ રહે તેટલી ખોટ્ય છે. કહેતાં જીવનમાં દુઃખનું સર્જન છે. એમ સમજી શ્રીહરિના નિયમ, નિશ્ચય, પક્ષ સાથે જે જ્ઞાન ધર્મ અને વૈરાગ્ય સહિત ભક્તિ કરે તેવા સંત-હરિભક્તનો સંગ તે સાચો સત્સંગ છે. અને તેજ સાચો શ્રીહરિનો દાસ છે

*જે ગુણ ગણે ગોવિંદમાં,*
*અવગુણ પોતા પાસ.*
*ભૂલ્યેપણ ભાખે નહિ,*
*વૈખરિયે એહ વેણ.*

શ્રી પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન તો આપણા ઈષ્ટદેવ છે. અને શ્રીહરિકૃષ્ણ એવા શ્રીહરિ સકલ સૃષ્ટિનુ આદિ કારણ છે.

"વાસુદેવઃ સર્વમિતિ" એવું પૂર્ણ જ્ઞાન જ્યારે પ્રાપ્ત થાય ત્યારે મનુષ્ય જીવન પૂર્ણતાના આરે પહોંચે.

મનુષ્ય જ્યારે ભગવત્ પરાયણ જીવન જીવે ત્યારે તેનાં કર્મો શુદ્ધ બને છે. પરમાત્મા જે આપણા પિતા છે. બંધુ છે મિત્ર છે. જે દુઃખ આપતા નથી. પરંતુ સુખદુઃખ તો આપણા આચરેલા કર્મોનું ફળ છે. પરમાત્મા દુઃખ હર્તા છે. અને સુખ કર્તા છે. પણ આપણો આત્મા સંસાર સાગરમાં દેહ રુપી નૌકા લઈ પ્રવેશ કરે છે, તે અસાર સંસારના સાત્વિક રાજસ અને તામસ્ ગુણોમાં સંગ-દોષથી પ્રવેશી તેમાં ઊંડો ઉતરી વિષય-વિકારોમાં ફસાય છે. અને વિકર્મો કરી જન્મ મરણના ફેરામાં ફરી સુખદુઃખ અનુભવે છે.

આ સ્થુળ દેહ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ તત્વનો બનેલો છે. જેમાં ગન્ધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ એ પાંચ વિષયરુપી તન્માત્રાઓ છે. જે ભોગવવા માટે કાન, આંખ, ત્વચા, જીભ અને નાસિકા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને હાથ, પગ, ગુદા, શિશ્ન અને વાણી એમ પાંચ કર્મેન્દ્રિયો એવી દસ ઈન્દ્રિયોની વૃત્તિઓની સેંડ્યો વહે છે. અને તેની સાથે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એવા અંતઃકરણના જ્ઞાનના પ્રવાહો રૂપી વૃત્તિઓ ઉપજ્યા કરે છે. એટલે પાંચ જ્ઞાનેન્દ્રિયો પાંચ કર્મેન્દ્રિયો એ ચાર અંતઃકરણ અને પંચપ્રાણને પંચભૂત આ ચોવીસ તત્ત્વો જીવાત્માને પાંચ ભૂતના દેહમાં તથા વિષયોમાં તથા પદાર્થોમાં રાગ ઉત્પન્ન કરે છે. અને વિષય વાસનાઓમાં રોકી જન્મ ફેરામાં નાખે છે.

પરિણામે આત્મા આ ચોવીસ તત્વોના દેહરુપી ઘરમાં વાસનાઓ ભોગવતાં સુખ અને દુઃખ અનુભવે છે. જો વાસના તૃપ્ત થાય તો સુખ અને વાસના અતૃપ્ત રહે તો દુઃખ અનુભવે છે. ગમતુ મલે તો સુખ અને અણગમતું આવે તો દુઃખ, એટલે ગમતામાં રહે તેની સાથે સંબંધ મમત્વ જોડે છે. અને સુખીસંસારનો અનુભવ વ્યક્ત કરે છે. અને અણગમામા સંબંધ તોડીને શત્રુભાવ વ્યક્ત કરે છે. પોતાના અને પારકાનો ભેદ રચે છે. આ બધું સર્જન દેહના ચોવીસ તત્વોનું ભૌતિક સર્જન છે. જે અજ્ઞાની આત્માને સંસારના માયાના સુખમાં ફસાવે છે. અને જન્મ મરણના ફેરામાં નાખે છે. માયામાં ફસાયેલા આત્મા-બ્રહ્મરુપ સંતનો સમાગમ કરી દેહમાં રહેવા છતાં જળ કમળવત્ વર્તે છે, પરમાત્માનું જ્ઞાન થતાં બ્રહ્મરુપ બને છે ત્યારે છવ્વીસમાં પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. જેવું ગોપીયોને શ્રીકૃષ્ણ પ્રત્યે હેત હતું તેવું હેત પ્રાપ્ત કરવા સંત સમાગમ કરી "ભગવાનના ગમતા પ્રમાણે ચાલે અને કોઈ રીતે પોતાના સ્વાર્થને અર્થે યુક્તિ કરે નહિ અને કેવળ ભગવાનને રાજી કરવાને ઈચ્છે, અને જે રીતે ભગવાન રાજી થાય તે રીતે જ પોતે રાજી રહે અને પોતાની બરોબરીની જે બીજી ગોપીઓ હોય તે ઉપર ઈર્ષ્યા-ક્રોધ કરે જ નહિ. અને માન મસ્તર આદિક સર્વે વિકારનો ત્યાગ કરીને ભગવાનની સેવામાં સાવધાન રહે. અને જેણે કરીને ભગવાન કુરાજી થાય તેવું આચરણ તો મન-કર્મ વચને કરીને કોઈ કાળે કરે નહિ. એવાં જેનાં શાસ્ત્રનાં વચન હોય તે ગોપી ને પૌઢા જાણવી." એ ભક્તની રીત તો આમ છે, જે 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પાંચ વિષય તે ભગવાન સંબંધી જ ઈચ્છે પણ બીજા કોઈ સંબંધી ઈચ્છે નહિ. એની પ્રીતિનાં માધવો ભુરિસ્નેહ મૂળ ઊંડા છે ને એ ભક્ત એકાંતિક છે. (વચ. સા. ૧૫)

જગતમાં દેહ ધરવાની સાથે વાસનામાંથી ઉત્પન્ન થયેલ સંસ્કાર આરંભાય છે, **શુભ ધાર્મિક સંસ્કાર આપનાર માતા-પિતા જો ધર્મકુળને આશ્રિત પરિવાર હોય તો ધર્મકુળના સંસ્કાર મળે છે. અને દુષ્ટ માયાનો અંત આવે છે. અને જીવ-કલ્યાણના માર્ગે જોડાય છે.** ધ્રુવની માતા જેવી માતાનો યોગ મલે તો પ્રભુ પ્રાપ્તિનો યોગ પ્રાપ્ત થાય છે. અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના વિકર્મો છોડી, ઈન્દ્રિયોને ભગવાનમાં જોડે છે.

ભગવાનના ભક્ત હોય તેનાં જે દેહ, ઈન્દ્રિય અંતઃકરણ અને પ્રાણ ને સર્વે ભગવાનના સ્થાને કરીને ભગવાનના આકારે થઈ જાય છે. ને દિવ્ય થઈ જાય છે. (વચ. કારિયાણી-૧)

અને ભમરી જેમ ઈયળને ચટકા ભરી ભમરીનું રૂપ આપે છે. તેમ ભગવાનના ભક્ત પણ સંત સમાગમે કરીને ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દ્રષ્ટિ કરે છે. તે ભક્ત પોતાના સ્વરૂપને અતિશય ઉજજવળ પ્રકાશમાન જુએ છે. અને તે પ્રકાશના

*(અનુસંધાન પાના નં. ૮ ઉપર)*

# શિખા ધારણનું રહસ્ય

- હરિશ ભારતેન્દુ શુકલ (યોગ સાધક) અમદાવાદ

વૈદિક સમયમાં આર્યોના મસ્તક પર જટા રહેતી હતી. કાળક્રમે જટા ધારણ કરવામાં પડતી અડચણ દૂર કરી જટાંના પ્રતીક તરીકે ચોટલી અર્થાત્ શિખા રાખવાની પ્રથાની શરૂઆત થઈ. અને બ્રાહ્મણોનું તો ઓળખ ચિન્હ બની ગઈ. વૈદિક ધર્મમાં તો મસ્તિક પર શિખા ધારણ કરવાનું ખૂબ જ મહત્વ છે. અને વેદોમાં અનેક જગ્યાએ શિખા ધારણ કરવાનું વિધાન જોવા મળે છે.

"શિખિભ્ય : સ્વાહા" (અથર્વવેદ)

જેનો અર્થ થાય છે - શિખા ધારણ કરવાવાળાનું કલ્યાણ થાય.

"યશસેશ્રિયૈં શિખા" (યજુર્વેદ)

જેનો અર્થ થાય છે - યશ અને લક્ષ્મીની પ્રાપ્તિ માટે મસ્તિક પર શિખા ધારણ કરો.

*"સદોપવિતિના ભાવ્યં સદા વધ્ધ શિખેન ચ"*

*બિશિખો વ્યુપવીતશ્ય યત્ કરોતિ ન તત્કૃતમ ॥ કાત્સાયન સ્મૃતિ - ૪*

જેનો અર્થ થાય છે - સદાયે યજ્ઞોપવિત ધારણ કરો તથા સદાયે ચોટલીમાં ગાંઠ બાંધી રાખો. શિખા અને જનોઈ વિના સંધ્યા ઉપાસના આદિ કાર્ય ન કરો. શિખા અને જનોઈ ધારણ કર્યા સિવાય કરવામાં આવેલ સંધ્યા ઉપાસના આદિ કર્મ ન કરવામાં આવેલ કર્મ સમાન છે.

વશિષ્ઠમુનિ પણ શિખા રાખતાં હતા. નારદમુનિ તો પોતાની શિખા મસ્તક પર સીધી ટટાર રાખતા હતાં. ચાણક્યે તો જ્યાં સુધી ચંદ્રગુપ્તનું શાસન સ્થાપિત ન કર્યું ત્યાં સુધી પોતાની શિખા ન બાંધવાની પ્રતિજ્ઞાનું પાલન કરી પોતાના અપમાનનો બદલો લઈ પોતાની પ્રતિજ્ઞા સાર્થક કરી હતી. શિખા ધારણ કરનાર પોતાને વિશિષ્ટ વ્યક્તિ સમજતા અને સદ્વિચારોનાં કેન્દ્ર એવા મસ્તકમાં તેજસ્વીતા અને પ્રખરતાનો વિકાસ કરી દૈવી ભાવનાનો પ્રવેશ કરવાનાં હેતુથી શિખા ધારણ કરતાં હતાં. ગુરુકુળમાં વિદ્યાભ્યાસીઓ ગહન અભ્યાસ અને ચિંતન દરમ્યાન ઝોકું ન આવી જાય તે માટે પોતાની શિખા દોરી વડે ઊંચે બાંધી રાખતાં જેથી કરીને ઝોંકુ આવે કે તરત જ શિખા ખેંચવાથી જાગૃત થઈ અભ્યાસમાં મગ્ન બની જતાં હતાં. બ્રાહ્મણોને તો સજા કરવી હોય ત્યારે તેની શિખા કાપી નાખવામાં આવતી હતી. આવી નિશ્ચિતરૂપે બૌધ્ધિક ઉન્નતિમાં સહાયક એવી શિખા તથા જનોઈની રક્ષા ખાતર લાખો ભારતવાસીઓએ મ્લેચ્છો સામેના યુદ્ધમાં પોતાના પ્રાણની આહુતિ આપેલ છે. પણ કાળક્રમે મોગલ કાળમાં હિન્દુઓ અને ખાસ કરીને બ્રાહ્મણો ઓળખાઈ ન જવાય તે માટે શિખા દૂર કરતાં ગયા. શિષા કપાતી ગઈ અને ધીમે ધીમે લુપ્ત થતી ગઈ.

વૈદિક ધર્મ અનુસાર શિખા વૈજ્ઞાનિક આયુર્વેદિક તથા ધાર્મિક દૃષ્ટિકોણથી માનવ માત્ર માટે ખૂબ જ ઉપયોગી છે. પરંતુ વાસ્તવિક લાભ તો ફક્ત ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે શાસ્ત્રાદેશ અનુસાર ગૌખુર (ગાયના પગના નખ) જેટલી રાખીને તેને ગાંઠ બાંધીને રાખવામાં આવે... શિખાના વાળ વાયુ મંડળમાંથી ઓકસીજન ગ્રહણ કરે છે અને બ્રહ્મચર્ય સંયમમાં સહાયતા કરે છે. મસ્તકને શાંત રાખી કામુક ઉચ્છૃંખલતાથી દૂર રાખી પ્રભુ ચિંતન તથા આધ્યાત્મિક સાધનામાં સહાયક થાય છે. સોળ સંસ્કારોમાં આઠમાં સંસ્કારનું નામ છે ચૂડા કર્મ સંસ્કાર. જે અંતર્ગત પ્રત્યેક બાળકના જન્મ પશ્ચાત મુંડન સંસ્કાર કર્યા પછી બાળકનાં મસ્તિક પર ચોટલી સિવાય બાકીનાં માથાના વાળનું મુંડન કરવામાં આવે છે. ગાયના નવજાત શિશુના નખ જેટલી શિખા રાખવાનું વિધાન છે. આપણા ઋષિમુનિઓએ પણ શિખા ધારણ કરવાથી બલ આયુષ્ય અને તેજ વધે છે તેવું સ્વીકારેલું છે. મસ્તિકનો મધ્યભાગ કોમળ હોય છે. તેથી તે સ્થાન પર કરવામાં આવેલ આઘાત માનવજીવન માટે જોખમકારક સાબીત થઈ શકે છે તેથી મસ્તિક પર ધારણ કરવામાં આવેલ શિખાનો ગુચ્છો તે સ્થાનનું રક્ષણ કરવાનું કાર્ય પણ નિભાવે છે. માનવ શરીરમાં મસ્તિક એ સૌથી મહત્વનું અંગ છે. શરીરની સમગ્ર નાડીઓ મસ્તિકમાં પહોંચે છે તેમજ માનવ શરીરની તમામ શારીરિક

અને માનસિક ક્રિયાઓનું સંચાલન પણ મસ્તિક જ કરે છે. મસ્તિકની બરાબર વચ્ચે બુદ્ધિચક્ર તથા તેની નજીકમાં જ બ્રહ્મરન્ધ્ર નામની નાડી હોય છે. જ્યારે કોઈ પણ માનવી સ્નાન, સ્વાધ્યાય, જપ, દાન તથા દેવતાઓનું પૂજન વંદન જેવી ક્રિયાઓ કરે છે ત્યારે શિખામાં ગાંઠ અવશ્ય બાંધે છે. જ્યારે ઈશ્વરનું ધ્યાન ધરવામાં આવે છે ત્યારે તે સમયે ધ્યાન કરાવનાર વ્યક્તિની ઉર્જા ઉર્ધ્વગામી થઈને મસ્તક તરફ આગળ વધવા લાગે છે. તે સમયે જો મસ્તક પર શિખા ન હોય અથવા બાંધ્યા સિવાયની ખુલ્લી હોય તો તે ઉર્જા રોકવાનું કાર્ય કરે છે. તથા શિખા બંધન શક્તિને વ્યર્થ જતી રોકીને શરીરમાંજ સંચિત કરવાનું અદ્‌ભૂત કાર્ય પણ કરે છે.

મસ્તક પર શિખા રાખવાનાં સ્થાનની બરાબર નીચે એક મહત્વપૂર્ણ ગ્રંથિ હોય છે જેને પિટ્યુટરી ગ્રંથિ (પોષણિકા ગ્રંથિ) કહે છે. આ ગ્રંથિનો સ્ત્રાવ સમગ્ર શરીરમાં પ્રવાહિત થાય છે. આ સ્ત્રાવ શરીરને શક્તિશાળી બનાવી સ્વસ્થ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જ્યાં શિખા હોય છે ત્યાં માનવ શરીરની એક અતિ મહત્વપૂર્ણ નાડી આવેલી છે. જે સુષુમ્ણા નાડી છે. સુષુમ્ણા નાડીપીઠના મધ્યભાગમાં થઈ ઉપર તરફ આવીને સમાપ્ત થાય અને તેમાંથી મસ્તકનાં વિભિન્ન અંગોના વાત સંસ્થાનનું સંચાલન કરવા માટે અનેક સૂક્ષ્મવાત નાડીઓનો પ્રારંભ થાય છે. આમ સુષુમ્ણા નાડી સંપૂર્ણ શરીરનાં વાત સંસ્થાનનું સંચાલન કરે છે અને સમસ્ત શરીરને સુષુમ્ણા નાડી દ્વારા જ શક્તિ મળે છે. મનુષ્યનું તેજ બ્રહ્મરંધ્રથી સુષુમ્ણા દ્વારા જ બહાર ફેંકાય છે અને ચોટલી શિખાનો ગુચ્છો આ તેજને બહાર જતું અટકાવે છે. આમ મસ્તક પર શિખા ધારણ કરવાથી સુષુમ્ણા જેવી મહત્વની નાડીનું રક્ષણ થાય છે.

મસ્તકનાં જે ભાગ ઉપર શિખા રાખવામાં આવે છે તે જગ્યાએ અસ્થિની નીચે નાનું મગજ આવેલું છે જે ગાયનાં નવજાત બચ્ચાનાં ખુર(નખ) ના આકારનું હોય છે. અને શિખા પણ એટલી જ મોટી તેના પર રાખવામાં આવે છે. વાળ ગરમી પેદા કરે છે વાળમાં રહેલો વિદ્યુતનો સંગ્રહ સુષુમ્ણા નાડીને એટલી ઉષ્ણા નિરતંર પ્રદાન કર્યા કરે છે જેટલી શરીરના વાત નાડી સંસ્થાનને જાગૃત તથા ઉત્તેજીક રાખવા માટે જરૂરી હોય છે. જેના વડે સમસ્ત શરીરને શક્તિ મળે છે અને સાથે સાથે નાનું મગજ વિકસતું રહે છે. (ખીલતું રહે છે) નાના મગજમાં જન્મ જન્માંતરના સંસ્કારો સંગ્રહિત રહે છે. સુષુમ્ણાનો જે ભાગ નાના મગજનું સંચાલન કરે છે અને સંચાલન માટે શિખા દ્વારા પ્રાપ્ત વિદ્યુત (ઉષ્મા) વડે ચૈતન્ય બક્ષે છે. જેનાથી સ્મરણ શક્તિ પણ વિકસે છે. મોટી શિખા ધારણ કરવાથી વિર્યની રક્ષા થાય છે. આમ શિખા બળ, આયુષ્ય, તેજ, બુદ્ધિ, લક્ષ્મી તથા સ્મૃતિનું રક્ષણ કરે છે. પરમાત્માનું ધ્યાન કરતી વખતે ઈશ્વર પર ધ્યાન કેન્દ્રિત કરવાથી મસ્તક પર શિખાના ઉપરનાં ભાગથી ઓજત શક્તિ, પરમાત્માની શક્તિ આ માર્ગેથી મનુષ્યની અંદર પ્રવેશ કરે છે. સૂક્ષ્મદર્શન સિધ્ધ યોગી આ બન્ને શક્તિ દ્વારા અસાધારણ આલ્હાદક રંગના દર્શન કરે છે. જે એલૌકિક હોય છે. જે સ્થાન પર શિખા હોય છે તેને પિનીયલ જોઈન્ટ કહે છે, તેની નીચે આવેલી પિટ્યુટરી ગ્રંથિમાં જે રસ ઉત્પન્ન થાય છે તે સંપૂર્ણ શરીરને તેજ સંપન્ન, સ્વસ્થ તથા દીર્ઘાયુ બનાવે છે. જેની કાર્યશક્તિ શિખાના મોટા ગુચ્છા તથા સૂર્યની પ્રતિક્રિયા પર નિર્ભર રહે છે. મૂલાધારથી છેક સમસ્ત મેરૂં મંડળમાં વ્યાપ્ત સુષુમ્ણા નાડીનું એક મુખ બુદ્ધિકેન્દ્રમાં ખૂલે છે. જેમાંથી તેજ (વિદ્યુત) પ્રવાહિત થતો હોય છે. જેને શિખા બંધન દ્વારા રોકી શકાય છે અને આ કારણથી જ શાસ્ત્રકારોએ શિખામાં ગાંઠ બાંધવાની આજ્ઞા કરેલી છે.

આ કારણથી જ આપણા આચાર્યને મહર્ષિયોએ સંધ્યાનો આરંભ કરતાં પહેલાં ગાયત્રી મંત્રનો જપ કરતાં કરતાં પોતાની શિખામાં ગાંઠ બાંધવાનું જણાવેલ છે. તેનાથી મન સંધ્યામાં જ લાગેલું રહે છે. ઉપાસક પોતાના આત્માને પરમ પિતા પરમાત્મા સાથે ગાંઠ દ્વારા જોડાયેલો રહે છે. અને મનુષ્યનું કલ્યાણ થાય છે. તેથી જ બ્રાહ્મણોને મસ્તક પર શિખા રાખવાનો આદેશ આપવામાં આવેલ છે. શિખામાં અગાઉ બ્રાહ્મણો દ્વારા પુષ્પ પણ બાંધવામાં આવતાં હતાં. અશ્વત્થામાં તો શિખામાં કિંમતી મણિ બાંધીને રાખતાં હતાં. શિખા પરમાત્માની ચેતના પ્રાપ્ત કરવા માટે એરિયલનું

કામ પણ કરે છે. આ કારણથી જ નારદમુનિ ઉભી શિખા રાખતા હતાં. વૈદિકકાળમાં અમુક ઋષિમુનિઓ અદ્‌ભૂત શક્તિ ધરાવતા ભૂત, પ્રેત, ગણો તથા કૃત્યાઓને પણ સંતાડી રાખતાં. હતાં. દેવાધિદેવ મહાદેવજીએ તો શિખાનાં જ વિશાળ સ્વરૂપ જટા માંથી દક્ષનાં યજ્ઞનો નાશ કરવા માટે વીરભદ્ર જેવા ગણો ઉત્પન્ન કર્યા હતા. કોધિત દુર્વાસા મુનિએ અંબરિષરાજા સામે શિખામાંથી કૃત્યાઓ ઉત્પન્ન કરી હતી.

હિન્દુ ધર્મ અનુસાર ચાર આશ્રમ જીવનના હોય છે. એમાં ચોથો આશ્રમ સન્યાસ ધર્મ છે. સન્યાસીઓએ ત્રણે આશ્રમોમાં રહીને પોતાના શરીરને એટલું પુષ્ટ કરી લીધું હોય છે કે જેનાં કારણે ચોથા સન્યાસશ્રમમાં તેઓ યોગાભ્યાસ દ્વારા વાતનાડી સંસ્થાનને પુષ્ટ કરતાં રહે છે. સન્યાંસ ગ્રહણ કરવાના સમય સુધીમાં તેમનાં મસ્તકની ઉપરની ત્વચા એટલી કઠોર બની ચૂકી હોય છે. તથા શિખા રાખવાના તમામ લાભ તેમને મળી ચૂક્યા હોય છે. આ કારણથી અને આ આધાર પર સંન્યાસીઓને શિખા ન રાખવાનો આદેશ આપવામાં આવેલ છે. આમ વૈદિક ધર્મમાં જણાવ્યા અનુસાર શિખા ધાર્મિક તથા વૈજ્ઞાનિક બંન્ને દૃષ્ટિકોણથી સમગ્ર માનવજાતિ માટે કલ્યાણકારી છે. પરંતુ તેનો વાસ્તવિક લાભ તો ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે. જ્યારે શાસ્ત્રાદેશ અનુસાર ગૌખુર (ગાયનાં પગનાં નખ) રાખીને તેને વધારી તથા ગાંઠ બાંધીને રાખવામાં આવે.

## સહજાનંદ રૂપી સૂર્ય

પંચાળામાં મહારાજ સંતો સાથે અનેક સ્વરૂપ ધારણ કરી અદ્‌ભૂત રાસ રમ્યા અને સંતોને અનહદ સુખ આપ્યું.

આ પ્રસંગે આખા ગામને ઘી, ગોળ, ચોખા જમાડી મહારાજે મહા ઉત્સવ કર્યો. હજારો બ્રાહ્મણો, સંતો, હરિભકતો સહિત આખું ગામ જમાડ્યું. સૌ ભોજન કરી તૃપ્ત થયાં. મહારાજે પૂછયુ : "છે કોઈ જમવામાં બાકી ?" ત્યારે રસોઈ અને જમાડવા સંબંધી સેવા આપનારા હરિભક્તોએ કહ્યું "મહારાજ ! સૌ જમીને તૃપ્ત થયા છે. બધે ઉતારે ફરીને પૂછી આવ્યા છીએ. કોઈ કહેતા કોઈ જમવામાં બાકી નથી."

પરંતુ મહારાજની દૃષ્ટિમાં કોઈ કેમ રહી જાય ! દૂર નહીને પેલે પાર મેલાં ઘેલાં કપડામાં ફરતા કેટલાક લોકો ભણી જોઈ પૂછયું : "પેલા કોણ છે ? તેમને જમાડ્યા ?"

કોઈ બોલ્યુ : "મહારાજ ! આ તો વગડાના વાઘરી કહેવાય. એ તો દાડો ઊગ્યે બકરાં, સસલાં, હરણાં વગેરે મારી ભટકી ખાનારા પાપી જીવો છે. એવા પાપીને કોણ જમાડે ?"

મહારાજ મંદ મંદ હસ્યા અને બોલ્યા : "સૂર્ય ઉગે છે તે સૌને માટે ઊગે છે. તે પાપી અને પુણ્યશાળી સૌને પ્રકાશ એક સરખો જ આપે છે. મેઘ વરસે છે તે સૌના ખેતરમાં વરસે છે. પાપી કે પુણ્યશાળી એવો વેરો આંતરો કર્યા વગર વરસે છે, તેમ આજે તો સહજાનંદરૂપી સૂરજ ઊગ્યો છે. આપણે સૌનું કલ્યાણ કરવું છે. માટે નદીને પેલે પાર જઈ, તેમનેય બોલાવી લાવો. તેમને જમાડીને તૃપ્ત કરીએ."

બે હરિભક્તો સામે કાંઠે જઈ જમવા બોલાવી લાવ્યા. મહારાજે જાતે એમને પીરસ્યું. આગ્રહ કરી સૌને હેતપૂર્વક જમાડ્યા. તે સૌના હૃદયમાં મહારાજની મૂર્તિ વસી ગઈ. તેઓ તૃપ્ત થયા. રાજી થયા. ત્યાં હાજર રહેનાર સૌને સહજાનંદરૂપી સૂર્યના આવા દિવ્ય દર્શન થયા.

*(પાના નં. પનું ચાલુ)*

**આત્માની મુક્તિનો ઉપાય અંતઃકરણ શુદ્ધ બન્યે તો હરિ ઓળખાય**

મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિ તે જુએ છે અને નારદ સનકાદિક જેવો સુખિયો થાય છે. માટે હરિભકતને ભગવાનને ઓળખવા, જ્ઞાનનું બળ ઓછું હોય તેટલી કસર રહે છે. પોતાની આળસે કરીને ભગવાન, સંત અને ધર્મગુરુ કહેતાં ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને ઓળખવાની કસર રહે છે. માટે આત્મા, પરમાત્માનું, દેહના બંધારણનું, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું શુદ્ધ સંપ્રદાયનાં શ્રીહરિ રચિત શિક્ષાપત્રી, વચનામૃત જેવાં શાસ્ત્રો અને ધર્મકુળ આશ્રિત સંતો દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય તો એને પરમપદની પ્રાપ્તિ થાય.



# ગુરુ પૂર્ણિમા અને પ.પૂ. બાળ લાલજી મહારાજના જન્મોત્સવ પ્રસંગે

- ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી-બાપુનગર)

ઘણાં આખી જીંદગી સત્સંગ કરે. માથે ધોળા આવી જાય, તો પણ ખ્યાલ નથી આવતો કે આપણા ગુરુ કોણ ? શ્રીજી મહારાજે વહીવટી સરળતા માટે દેશ વિભાગ કરીને સત્સંગની બે ગાદી, બે આચાર્યશ્રીનું સત્સંગીના ગુરુ સ્થાને સ્થાપન કરેલું. છે. શ્રીજી મહારાજે આ પદ પર ધર્મવંશી આચાર્યશ્રીની પરંપરા પ્રસ્થાપીત કરેલી છે. જે તે બન્ને દેશ (અમદાવાદ અને વડતાલ)ના વિદ્યમાન ધર્મવંશી આચાર્યશ્રી જે તે બન્ને દેશમાં રહેતા સત્સંગી માત્રના ગુરુ સ્થાને છે. શ્રીજી મહારાજે આપેલા અનેક શાસ્ત્રોના આધારે સીધું સાદુ ગણિત મૂકીએ તો એવું તારણ નીકળે કે ઉત્તર દેશ એટલે કે અમદાવાદ દેશમાં રહેતા સત્સંગી માત્રના ગુરુ વિદ્યમાન શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ આચાર્ય મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે. તેમજ દક્ષિણ દેશ એટલે કે વડતાલ દેશમાં રહેતા સત્સંગી માત્રના ગુરુ વિદ્યમાન વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. રાકેશપ્રસાદજી મહારાજશ્રી છે. જે દેશમાં જે રહેતા હોય તેમણે પોત પોતાના દેશના વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીનું ગુરુપૂર્ણિમાના દિવસે પોતાના ગુરુ તરીકે અર્ચન પૂજન કરવાનું હોય છે. આ આજ્ઞા શિષ્યના હિત માટે, શિષ્યના કલ્યાણ માટે છે. સંપ્રદાયના દરેક ત્યાગી સંતના ધર્મગુરુ તરીકે પણ શ્રીહરિએ ધર્મવંશી આચાર્યશ્રીની નિયુક્તિ કરેલી છે. એ મુજબ સાચી સમજણ ધરાવતો નિષ્ઠાવાન ત્યાગી વર્ગ આજે પણ ગુરુપૂર્ણિમાના દિવસે પોત પોતાના દેશના આચાર્યશ્રીનું ગુરુ તરીકે પૂજન કરે છે. તેમજ દૂરદૂરના દેશોમાં રહેતા નિષ્ઠાવાન સત્સંગીઓઆ દિવસે પોતાના દેશના વિદ્યમાન આચાર્યશ્રીની તસ્વીરનું ગુરુ તરીકે પૂજન કરે છે. સમજણવાળાનો સત્સંગ ધન્ય છે. ગોબરી સમજણ મહારાજને ગમતી નથી.

ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે અમદાવાદ મંદિરના પ્રસાદીના સભામંડપમાં હકડેઠાઠ ભરાયેલી દિવ્ય સભામાં મંદિરના મહંત સ્વામી શાસ્ત્રી નિર્ગુણદાસજી સ્વામીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ દોરી જનાર અને ભગવાનની ઓળખાણ કરાવનારાને ગુરુ કહેવાય છે. એનું આજે પૂજન છે. ધન સંપત્તિ કેવી રીતે પ્રાપ્ત થાય તેવું શીખવનારા વિદ્યાગુરુઓ તો ઘણા મળે, પરંતુ ભગવાનને ઓળખાવનારા ગુરુઓ તો કોઈક જ હોય ! ગુરુ પૂર્ણિમા એ વ્યાસનો જન્મદિવસ છે. વ્યાસજીએ જીવોને ભગવાનની ઓળખાણ કરાવી એટલે આજે વ્યાસપૂજન થાય છે. પરંતુ આપણા સૌના દુઃખ, કષ્ટ અને ચિંતા દૂર કરવા માટે, ભગવાનની આપણને સૌને પ્રાપ્તિ કરાવવા માટે, ત્યાગી અને ગૃહસ્થ એમ સૌના ગુરુ સ્વયં શ્રીજી મહારાજે ધર્મકુળમાંથી આપણને આપ્યા છે. આપણા ગુરુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી રાત્રિ દિવસ વિચરણ કરી મૂળ ધર્મનો સૌને રાહ ચીંધે છે. ભગવાન ઓળખાવે છે. જગતના દરેક જીવનું હિત થાય એવો તેઓશ્રીનો સંકલ્પ છે. આપણા સૌની આત્મસમર્પણની ભાવના તેઓશ્રીના ચરણોમાં હશે તો ક્યાંય રોકાવાશે નહી. સીધી અક્ષરધામની પ્રાપ્તિ થશે. આપણે સૌ આજના દિવસે તેઓશ્રીના ચરણોમાં

પ્રાર્થના કરીએ કે શ્રીજી મહારાજે બાથમાં લઈને પધરાવેલા શ્રી નરનારાયણદેવના ચરણકમળ છોડીને બીજે ક્યાંય અમારું મન વિચલિત ન થાય તેવા રૂડા આશીર્વાદ અમને સૌને આજના દિવસે આપજો.

આપણા સૌના ગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પૂ. મહંત સ્વામીની આ વાતને દોહરાવતા સભાજનોને જણાવ્યું કે, સ્વામીએ આશીર્વાદની વાત કરી તો, અમારી દૃષ્ટિએ સદ્‌બુદ્ધિ એજ આશીર્વાદ છે. શ્રીજી મહારાજ આપણને સૌને સદ્‌બુદ્ધિ આપે એ જ મોટા આશીર્વાદ છે. કુબુદ્ધિ એ મોટો શાપ છે ! આજના દિવસે શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના કરીએ કે અમને અને તમને સૌને મહારાજ સદ્‌બુદ્ધિ આપે. આ શ્રી નરનારાયણદેવને ક્યારેય મુકશો નહિ. શ્રીજી મહારાજે સ્વયં બાથમાં લઈ આપણા સૌના કલ્યાણ માટે આ નરનારાયણદેવ પધરાવ્યા છે. અમારુ સૂચન, આશીર્વાદ, આજ્ઞા કે અનુભવ જે ગણો તે આ નરનારાયણદેવને છોડીને ક્યાંય જવુ નહિ. પરોક્ષના એક પુસ્તકમાં વાંચેલું કે પરોક્ષના ત્યાગી ગુરુઓએ પાળવાના નિયમો કરતા પણ સ્વામિનારાયણ સંપ્રદાયના ગૃહસ્થ આચાર્યના નિયમો અઘરા છે. એ નિયમો અમે પાળીએ તો જ પળાવી શકાય. ગુરુ સો આની પાળે ત્યારે શિષ્ય બે આની પાળે. આ પદ શ્રીજી મહારાજે અમને આપીને આપણી ઓળખાણ, આપણો સંબંધ શ્રીજી મહારાજે જોડી આપ્યો છે. આ સંબંધ કાયમનો છે. મહારાજે પોતાના કુટુંબને અહીં તેડાવીને, અમારું વતન, જન્મ સ્થળ છોડાવીને, દેહના સંબંધીને ગૌણ કરીને અમને સત્સંગમાં તમારી સૌની વચ્ચે મુક્યાં છે. મહારાજે કહ્યું કે તમારે અમારું ધ્યાન રાખવું, આપણો સંબંધ અલૌકિક છે અને એ અનંત કાળ સુધી જળવાય રહે એમાં જ શ્રીજી મહારાજનો રાજીપો રહેશે. ઘણીવાર અમે સભામાં એક વાત કરીએ છીએ કે વિદેશમાં એક સમયે એક હરિભક્તને ત્યાં પધરામણીએ જવાનું થયું. તેમણે અમને કહ્યું કે અમારી ગાડીને Follow કરજો. અમારે આગળની ગાડી ને Follow કરવાની હતી. પરંતુ અમને અને ડ્રાઈવરને વાતોમાં ખ્યાલ ન રહ્યો અને પહેલાના જેવી જ કલર અને મોડલ ધરાવતી એક અન્ય ગાડી અમારી ગાડીની આગળ થઈ ગઈ. ઘણાં માઈલો કપાય ગયા પછી અમે ડ્રાયવરને કહ્યું કે તમે ખોટી ગાડી તો Follow નથી કરતાને ! પછી તો મોબાઈલ કર્યો અને ત્રણ કલાકનો સમય વેડફીને નિશ્ચિત સરનામે પહોંચ્યા. આ તો અહીંની ગાડીની વાત હતી. પરંતુ મહારાજે સ્થાપેલી પરંપરાથી વિખુટા પડ્યાં અને ખોટા ગુરુને Follow કર્યા તો ક્યાંય પત્તો નહીં લાગે ! ૮૪ લાખ યોનીમાં ખોવાઈ જવાશે ! માટે જાગૃત રહેવું, ખટકો રાખવો. મહારાજે સ્થાપેલી પરંપરા, પ્રણાલિકા જેણે જેણે તોડી છે તે ખોવાઈ ગયા છે. શ્રીજીમહારાજના કોમ્પ્યુટરમાંથી એના નામ નીકળી ગયા છે. આપણે શ્રીજી મહારાજની માળાના મણકા બનવાનું છે. આજ્ઞા પાળવાનો ખટકો રાખીને શ્રી નરનારાયણદેવના થઈને કાયમ રહેવાનું છે. એ આજનો અમારો સંદેશ છે.

તા. ૧૧-૭-૦૪ના રોજ કાળુપુર મંદિરના પ્રસાદીના સભા મંડપમાં ભગવાનના ૮ માં વંશજ પ.પૂ. બાળ લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૭માં જન્મોત્સવ પ્રસંગે દિવ્ય સભા થઈ. આ સભામાં મંદિરના મહંત સ્વામી પૂ. નિર્ગુણદાસજી સ્વામીએ પ.પૂ. બાળ લાલજી મહારાજની એક આશ્ચર્યકારક ચેષ્ટા વર્ણવતા જણાવ્યું કે, ફક્ત બે દિવસ

પહેલા જ પ.પૂ. બાળ લાલજીને ગળામાં થોડી તકલીફ જણાતા ડૉકટરોના અભિપ્રાયથી કાકડાનું એક નાનું ઓપરેશન કરાવવાની ફરજ પડી. આ ઓપરેશન માટે ડૉકટર જ્યારે પૂજ્ય બાળલાલજી મહારાજને એનેસ્થેસીયાનું ઈન્જેકશન આપવા તૈયાર થયા ત્યારે પૂ. બાળલાલજી મહારાજે ડૉકટરને જણાવ્યું કે, ઈન્જેકશન અમારી પાસે લાવો અમો અમારી જાતે ઈન્જેકશન લઈશું ! ભગવાન અમારી સાથે છે. તમે તમારા કૌશલ્ય પ્રમાણે ઓપરેશન કરો, પછી પૂ. બાળ લાલજી મહારાજે પોતાની નસમાં ઈન્જેકશન લીધું. ત્યારે હાજર ડૉકટરો પણ ખૂબ આશ્ચર્ય પામી ગયા. અને તેઓએ અનુભવ્યું કે આ કોઈ સાધારણ બાળક નથી ! ફક્ત બે દિવસમાં પોતે સ્વસ્થ થઈ આજે આ સભામાં સૌનો ભાવ પૂરો કરવા પધાર્યા છે.

ત્યારબાદ અમદાવાદ મંદિરના માજી મહંત પૂ. પી.પી. સ્વામી, માજી છપૈયા મહંત પૂ. હરિકૃષ્ણદાસજી સ્વામી તથા મૂળી મહંત પૂ. શા. મુકુંદપ્રસાદદાસજી સ્વામીએ પ્રાસંગિક સર્વે સંતો વતી જણાવ્યું હતું કે, પૂ. બાળ લાલજી મહારાજનું શૌર્ય, આત્મવિશ્વાસ, વાતોમાં શ્રી નરનારાયણદેવની નિષ્ઠાનું બળ, ચેષ્ટા, ચરિત્ર વગેરે નિહાળીએ ત્યારે શાસ્ત્રોમાં વર્ણવેલા ઘનશ્યામ મહારાજના ગુણો, ચેષ્ટા, ચરિત્રોનું પ્રત્યક્ષ દર્શન થાય છે. તેમજ ધર્મકુળનો આશરો અને ધર્મકુળના રાજીપા વિના અક્ષરધામની ટિકિટ મળતી નથી. તથા શ્રી નરનારાયણદેવના દ્રઢ આશરા વિના ધર્મકુળ રાજી થતું નથી.

અંતમાં જેઓશ્રીના એક એક વાક્યમાં અમાપ રહસ્ય ભરેલું હોય છે અને એ રહસ્ય સમજાય તો જ અમાપ આનંદ તથા સુખની અનુભૂતિ થાય એવા વિશ્વવંદનીય, પ્રાતઃ સ્મરણીય **પ.પૂ. મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે, આજનો આ દિવસ, આ દિવ્ય સભા તથા શ્રી નરનારાયણદેવ પાસેથી આશીર્વાદ માગવાનો દિવસ છે. અમે દ્રઢ પણે માનીએ છીએ કે સત્સંગનું પ્લાનીંગ મહારાજ સ્વયં કરતા હોય છે.**

**ધર્મકુળનો આશરો અને રાજીપા વિના અક્ષરધામની ટિકિટ મળતી નથી**

**મૂળી મંદિરના પ્લાનીંગમાં મહારાજે રાત્રે બ્રહ્માનંદસ્વામીને જગાડ્યા. હાથમાં સોનાની સોટી લઈને મંદિરના નિર્માણની જગ્યા બતાવી. આ પ્રમાણે પ્લાનીંગ કરો. મંદિરનો પાયો અહીં કરો. પછી બ્રહ્માનંદસ્વામીએ પાયો ફેરવ્યો. અમારું આ સ્થાન, અમારુ આ પદ મહારાજે પોતે નિમેલું છે. તેથી આ પદ પર પોતાના સ્થાને નિયુક્તિ પણ પોતે કરે છે. એવું અમારું દ્રઢ પણે માનવું છે. અને જે મનુષ્ય, જેવા ગુણે કરીને યુક્ત હોય, તે મનુષ્ય ને તેવા કાર્યને વિશે પ્રેરવો. શિક્ષાપત્રીના આ શ્લોકનો અમલ પ્રથમ શ્રીજીમહારાજ જાતે કરે છે. જ્યારે જેની પાસેથી જેવું કામ લેવાની ઈચ્છા હોય. ત્યારે મહારાજ તેને જે તે જગ્યાએ ગોઠવીને કામ લે છે અને તે પદ પર સખણા ન રહીએ તો મહારાજ બદલી પણ કરી નાખે છે. આ બાળક સંપ્રદાયની મૂડી છે. અમારા પૌત્ર તથા લાલજી મહારાજના ભલે પૂત્ર રહ્યા. પરંતુ તમારી એ મૂડી છે. તમારે એમને સાચવવાના, સમજવાના તથા પોષણ, પુષ્ટિ આપવાની છે. તેમના શિરે ભવિષ્યમાં મોટી જવાબદારી આવવાની છે. અમે અને લાલજી મહારાજશ્રી જે યશ અને કીર્તિ કમાયા, તેના કરતા પણ વધારે યશ અને કીર્તિ આ બાળ લાલજી ભવિષ્યમાં કમાવાના છે. મહારાજે તેવા સદ્‌ગુણો તેમનામાં મૂક્યા છે. અમે અને તમે સૌ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ કે તેમનામાં ધર્મ પાળવા તથા પળાવવાની બેવડી જવાબદારી વહન કરવાની ક્ષમતા આવે, મહારાજ તેમને સ્વાસ્થય તથા દીર્ઘાયુષ્ય બક્ષે એવી પ્રાર્થના કરજો, આટલું કહી વિરમુ છું.**

# ઝુલાવું પ્યારા હિંડોળે

- સ્વામી ઘનશ્યામપ્રકાશદાસ (મહંતશ્રી નારાયણઘાટ)



સમગ્ર ભારત ભૂમિનું સૌદર્ય કાશ્મીર પ્રદેશમાં ફૂલ બહાર ખીલી ઉઠતું જણાય છે. અનેક પર્યટકોની સાથે એક સમયે કોઈ કવિરાજ પણ કાશ્મીરની સેહલગાએ આવી ચડ્યાં અને ત્યાંના આહ્લાદકને ખુશનુમા વાતાવરણથી ખીલી ઉઠેલી હરિયાળી. જોઈ પુલક્તિ કવિ હૃદયમાંથી સહેજે શબ્દો સરી પડ્યા કે "આખી પૃથ્વી પર જો ક્યાંય સ્વર્ગ હોય તો તે અહીંયા જ છે. અહીંજ છે ને અહીંજ છે."

આ સાંભળી બાજુમાંથી પસાર થતાં કાઠીયાવાડી કાકાથી સહેજે સ્મિત થઈ ગયું કે આપણે હજી ક્યારેય હિંડોળે ઝુલવાની મોજ માણી નથી લાગી. સ્વર્ગને પણ શરમાવે એવી સુખદાઈ હિંડોળાની હેલીમાં પણ જ્યારે પ્રભુને પધરાવીયે ત્યારે તો સુખની કયારીયોમાં જાણે સાકરના ફૂવારાઓ ફૂટે એમ ચોમેર સુખના સ્પંદનો પ્રસરાઈ રહે છે.

આખા વર્ષમાં શ્રાવણ માસ દરમ્યાન ભક્ત હૃદયોમાં ભક્તિના પૂર ઉમટી પડે છે. પ્રભુને રીઝવવા વિવિધ સ્વરૂપે પૂજન-અર્ચન વ્રત-તપ, દાન-દક્ષિણા, કથા-કીર્તન અને પારાયણોથી સારાયે સમાજનું વાતાવરણ ભાવના પૂર્ણ લાગણીઓથી મઘ-મઘી રહ્યું હોય છે. આમાં પણ હરિવરને હિંડોળે હુલસાવવાની વાત આવે ત્યાંતો ભક્તોના હૈયા જ હિલોળા લેતા થઈ જાય છે. ગામના પાદરમાં વડે કે પીપળાની ડાળીએ રાંઢવું કે દોરડું બાંધીને ગોપ ગોપીઓ કૃષ્ણ પરમાત્માને હિંડોળે ઝુલાવતી ત્યારે ધરતી અને આકાશ જાણે આનંદ વિભોર થઈ પ્રભુના ચરણ સ્પર્શ કરવા માટે ઉછળવા લાગતાં. કુંડાળે વળેલા ભક્તો જેમ જેમ ઝુલાને વધુને વધુ હિલોળે ચડાવતા જાય તેમ-તેમ આનંદ સભર હાસ્યના ખીલખીલાટ પ્રસરતાં પ્રસરતાં આખા ગામને આમંત્રિત ન કરતા હોય ? જોત જોતામાં મહિયારો મહી વલોવાના છોડી અહીં દોડી આવતી ! તાવડીમાં રોટલી બનાવવાની મુકીને દોડી આવતી ! છાસ વાસીદાને ઢોરને પાણી પાવાના ભૂલી તો કોઈ ખેતરમાં પાક સુનો મુકીને હિંચકાના હિલોળા સાથે હૈયામાં હિંચોળા લેવા ઘરના કમાડ વાસવા વિસારી હૈયાના કમાડ ઉઘાડવા ગામ આખું ઉમટી પડતું. નવધા ભક્તિની વિવિધતામાં પ્રભુ પ્રત્યે હેત અને પ્રેમની અભિવ્યક્ત કરવાની આ રીત ભક્ત અને ભગવાન પરસ્પર બંન્નેને એવી તો ભાવતી ગઈ મીઠી મધુરી દાઢે લાગવા માંડી કે ધીરે ધીરે પાદરમાંથી શરૂ થયેલી આ હેલી ગામમાં પ્રવેશી. ઘરમાં ઘૂસી અને છેવટે મંદિરમાં પ્રસ્થાપિત થઈ ! ઝાડની ડાળીઓથી છૂટી ઘરના ખપેડાઓએ બંધાઈ, આજે કડીઓએ ઝુલતા ઝુલાઓ રાંઢવાના દોરડામાંથી પરિવર્તિત થઈ રેશમના તાંતણે બંધાઈ ચાંદી અને સૂવર્ણના કલાત્મક હિંડોળાઓ હિરની દોરીએથી ઝુલીઝુલીને બોલ બેરીંગના આધુનિકરણ પામી ઈલેકટ્રોનિકસ યુગમાં રીમોટ કંટ્રોલથી ઝુલી રહ્યાં છે ! સમાજની ઉન્નતિ સાથો સાથ ભક્તોની

માનસિકતા, કલાસૂજ, અભિવ્યક્તિ અને સગવડોમાં પણ કલ્પના ન કરી શકાય એવા પરિવર્તનો આવતા ગયા ! કોથળાની જાળી બનાવી તેમાં પ્રભુને પધરાવતા અને દોરડે ઝાડ-પાનની ડાળખીઓ કે મોરપીંછના શણગાર કરતા ! ત્યાંથી ધીરે ધીરે હીરના, સૂતરના, પીપર-બિસ્કીટ, ચોકલેટ, તજ, લવીંગ કે ઈલાયચીંના કાજુબદામ કે અખરોટના, સોના ચાંદી કે ચલણી સિક્કાઓના રાખડીઓ, નાડાછડી, જુદાંજુદાં અનાજ, કઠોળના, ભરત ગુંથણ કે આભલાના, ખડીયાળ, વાસણો, સાડી-પટોળા કે ઘરચોળાના આમ અનેક વિવિધ સામગ્રીઓના કલાત્મક શણગારોથી સુશોભીત હિંડોળાઓ નયન રમ્ય અને એવા મનભાવન હોય છે કે સ્મૃતિ પટ પરથી વિસાર્યા પણ વિસરાતા નથી.

ભગવાન સ્વામિનારાયણે તો ભાવભક્તિને એક અદ્‌ભૂત ઓપ આપ્યો છે. દરેક પ્રસંગને ઉત્સવની આભા પ્રદાન કરી જેતલપુરની વાડીમાં બોરસલી હોય કે પંચાળામાં જીણાભાઈનો દરબાર હોય શ્રીહરિ જ્યાં જ્યાં પધારે ત્યાં એક કોરે કથા-વાર્તાના અખાડાઓ ધમ-ધમતા હોય તો બીજી તરફ કથા પૂરી થતા જ હિંડોળે હરિ બિરાજી રંગ ઉત્સવમાં ગુલાલ અને રંગોની પીચકારીઓ સાથે ઉત્સવોની જડીઓ વરસતી હોય ! ગઢપુર દાદાના દરબારમાં તો ઓરડે ઓરડે હિંડોળા બંધાવી શ્રીહરિને હૈયાના - હેતથી એવા અખંડ ઝુલાવ્યા કે આજ પર્યન્ત હરિવર દાદાના હૈયેથી હેઠા ઉતરી શક્યા નથી !

આ જોઈ સ્વામી નિષ્કુળાનંદજીએ તો બાર-બાર બારણાનો હિંડોળો એવો કલાત્મક બેનમૂન અને અદ્‌ભૂત બનાવ્યો અને વડતાલમાં ફૂલવાડીએ આંબાની ડાળે ઝૂલતો મેલીને તેમાં શ્રીહરિને બિરાજવા પ્રાર્થના કરી ત્યારે આવો ભવ્ય અને દિવ્ય હિંડોળો જોઈ એક વખત તો સ્વયં શ્રીહરિ પણ અચંબો પામી ગયા ! સંતો હરિભક્તોના અંતરમાં ઉભરાઈ રહેલી ભક્તિભાવની હેલીને હલેસો આપવા શ્રીહરિએ પણ આજે અદ્‌ભુત

**ઝુલતો હિંડોળો નજીક આવે ત્યારે ભગવાનના સમીપપણાનું સુખ સમજાવી આધ્યાત્મિક યોગ માર્ગે ભક્તિભાવનું સિંચન કરે છે.**

કૌતુક કર્યું. પોતે પણ બાર સ્વરૂપો ધારણ કર્યા અને હિંડોળે ચડી તેના બારે બાર બારણે ભિન્ન ભિન્ન મુદ્રાઓમાં એકી સાથે દર્શન આપ્યા. જયઘોષના બુલંદી નારાઓ સાથે ભક્ત વૃંદમાંથી કોઈ ગુલાલની છોળો ઉછાળવા લાગ્યા તો કોઈ ગુલાબના પુષ્પનો હાર, કોઈ ડોલર, મોગરા વગેરે જેવા હારની વૃષ્ટિ કરવા લાગ્યા ! પ્રભુને વધાવવા લાગ્યા ! કોઈ રંગભરી પીચકારીઓથી પ્રભુને ભીંજવવા લાગ્યા ! આધા સ્મિત સાથે અમૃત વરસાવતા વાલમને નિહાળી સંતવૃંદ પણ તાલે ચડ્યું. જોત જોતામાં સંગીતના સૂરો રેલાવા લાગ્યા અને હિંડોળાનું જીલણીયું ઝીલવા લાગ્યું.

*"વડતાલ ગામ ફૂલવાડીએ*
*હિંડોળે આંબાને ડાળ"*
*બાંધ્યો આંબલીયાની ડાળ વાલો મારો*
*હિચે હિંડોળે આંબાની ડાળ*
*બાર બાર બારણાનો હિંડોળે જુલતા*
*કરી નિષ્કુળાનંદે કમાલ*
*હિંડોળે હરિ ઝુલતા રે.....*
*આવ્યો શ્રાવણ માસ અનુપ*
*હિંડોળો માચ્યો રે*
*જોઈ રાજી થયો મહેશ*
*તાંડવ નાચ્યો રે.....*
*હિંડોર નામે હોરે હોરે ઝુલો મહારાજ*
*છેલ ઝુલાવું રત્ન હિંડોળે સુફલ કરૂ*
*સબ કાજ હિંડોર નામે.....*

આમ એક પછી એક અને એક-મેકને ચડે એવી કીર્તનોની રમઝટ શરૂ થઈ તે આજ પર્યંત અવિરત પણે ગુંજી રહી છે. ભક્ત હૈયાને ભીંજવી રહી છે.

ઝુલતો હિંડોળો નજીક આવે ત્યારે ભગવાનના સમીપપણાનું સુખ સમજાવી આધ્યાત્મિક યોગ માર્ગે ભક્તિભાવનું સિંચન કરે છે. અને હિંડોળો દૂર જાય છે ત્યારે ભગવાનના દુઃખથી વિરહ અગ્નિમાં શેકી શેકીને ભક્તિની પરી પકવતાએ આરાધના ચિંધે છે. આમ હિંડોળાની હિરની દોરી સદાય હાથમાં રાખી ભક્તિ સાથે જ્ઞાનનું સંયોજન થતાં હિડોળા પર્વ ભક્તો માટે એક ચિરઃસ્મરણીય સુખદાયક સંજીવની બની રહે છે.

# ઐશ્વર્ય મૂર્તિ સચ્ચિદાનંદ સ્વામી

- સોની ભગવાનદાસ વેલજીભાઈ (મોરબી)

સચ્ચિદાનંદ સ્વામી હાલારના નવ યોગશ્વરોમાનાં એક મહાન સમર્થ સંત હતા. મહારાજનો તેમના ઉપર અપાર પ્રેમ હતો.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સચ્ચિદાનંદ સ્વામીને ઐશ્વર્ય મૂર્તિ કહ્યા છે. મહારાજની કૃપાથી અખંડ સમાધિને નિર્વાણ દ્રષ્ટિવાળા સંત હતા. અને મહારાજની કૃપાથી ઐશ્વર્યો બતાવતાં. કદાચ જો વરસાદ ન વરસે તો ઈન્દ્રના નામની બૂમ પાડે ત્યાં વરસાદ વરસવો શરૂ થઈ જાય.

મહારાજના દર્શન માટે ગાંડા થઈ જતા અને મહારાજને ભેટી પડતાં અને મહારાજને મુક્તા નહિ. જેથી ત્રણચાર કાઠી ભક્તો ભેગા થઈને મહારાજને છોડાવતા.

**સચ્ચિદાનંદ સ્વામીને મહારાજ ઠપકો આપતા ત્યારે રૂંવાડે રૂંવાડે રૂધીર વહેતુ.**

જેથી મહારાજ ઉત્સવ સમૈયામાં સચ્ચિદાનંદ સ્વામીને સાથે લઈ જતા નહિ.

ગઢડામાં લક્ષ્મીવાડીમાં સચ્ચિદાનંદ સ્વામી રહેતા અને સેવાનું કાર્ય તથા ભજન કરતા. મહારાજ જ્યારે બહાર જતા ત્યારે સચ્ચિદાનંદ સ્વામીને ઓરડામાં પુરી સાંકળવાસી અને તાળુ મારી દેતા. સચ્ચિદાનંદ સ્વામી ઓરડીમાંથી બહાર નીકળી જતા અને ફરતા ફરતા પશુ-પંખી-વૃક્ષ વગેરેને શ્રીજી મહારાજના સમાચાર પૂછતા. આવા વિરહ્વાળા સંત હતા.

એકવાર માણકી ઘોડીને લઈને શ્રીજી મહારાજ બહાર પધારતા હતા ત્યારે સચ્ચિદાનંદ સ્વામી સાથે હતા. અને મહારાજની પડખે પડખે ચાલે. શ્રીજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું સ્વામી કાં આગળ ચાલો અને કાં પાછળ ચાલો. રસ્તા સાંકડા છે. અને રસ્તામાં કાંટાના જાળા ઝાંખળા છે તમને પગમાં લાગશે અને લોહી નિકળશે. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા, મહારાજ આગળ ચાલુ તો તમારા મુખાર્વિંદના દર્શન ન થાય અને પાછળ ચાલુ તો પણ તમારા મુખાર્વિંદના દર્શન ન થાય. ભલે પગમાં કાંટા લાગે. લોહી નીકળે પણ હું તો તમારી પડખે પડખેજ ચાલીશ. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે સચ્ચિદાનંદ સ્વામી અમારામાં બહુજ આસક્તિ રાખશો તો મુવા પછી ભૂત થશો. સ્વામી કહે હે, મહારાજ ભૂત થઈશ તો હું પ્રથમ તમને જ વળગીશ. મહારાજ પછી તમો ઘુણજો અને સચ્ચિદાનંદ છું સચ્ચિદાનંદ છું એમ બોલજો.

હું બીજે નહિ વળગું. જીવતા તમને વળગીશ અને મુવા પછી પણ તમને વળગીશ. સચ્ચિદાનંદ સ્વામી કહે હે મહારાજ વગર વાંકે આ દરબારમાં કોઈ પણ હરિભક્તના હાથમાં ઘણ આપો અને મારા ઢિંચણ ઉપર મારે અને ટુકડા કરે અને તેની દવા ન કરે ને બીજાને ન કરવા દે તો પણ તમારા તરફનો કે મારનાર હરિભક્તનો મને બિલકુલ અભાવ ન આવે.

ઉપરાંત સંતો તથા હરિભક્તના એઠા પતરાવડામાંથી દાણા વીણી વીણી ખાઉં પણ આ સત્સંગમાંથી બહાર ન જાઉ. તમારા વિના ક્યાંય કલ્યાણ નથી અને તમારા ચરણના દર્શન વિના ક્યાંય સુખ-શાંતિ નથી.

શ્રીજી મહારાજ આ સાંભળી સ્વામી ઉપર બહુ રાજી થયા. અને મુક્ત કંઠે કહ્યું કે વાહ સચ્ચિદાનંદ સ્વામી તમારી સમજણ તથા તમારા પ્રેમની બલિહારીને ધન્યવાદ છે. આવા સમર્થ સંત માટે અનેક બ્રહ્માંડનો પ્રલય કરવો પડે તો પણ અમને ન ખટકે સચ્ચિદાનંદ સ્વામી પ્રત્યે મહારાજનો અપાર રાજીપો હતો.

જીવાખાચર દાદાખાચરના કાકા થતા હતા. દાદાખાચર ઉપર મહારાજને અપાર પ્રેમ હતો. અને મહારાજ હરવખત દાદાખાચરના વખાણ કરતા તે જીવાખાચરને જરાય ગમતુ નહિ. અને સદાય તેની ઈર્ષ્યા કરતા.

એક વખત મહારાજની માણકી ઘોડી સાથે પોતાની ઘોડીની દોડાવવાની શરત કરી અને કહ્યું કે જેની ઘોડી પાછળ રહી જાય તે હારી જાય અને પોતાની ઘોડી આપી દેવી. મહારાજ જીવા ખાચરનું કપટ જાણી ગયા અને કહ્યું કે ભલે શરત મંજુર છે.

જીવા ખાચર કપટી હતા. તેનો ઈરાદો એવો હતો કે જ્યારે બન્ને ઘોડીયુ પુરપાટમાં દોડ્યે જાય અને જ્યાં ખાઈ આવે ત્યાં મહારાજને માણકી ઘોડી સહિત ખાઈમાં નાંખી દેવા. મૂરખ એ નથી જાણતો કે જગતના નાથને હું છેતરી રહ્યો છઉં. એક બાજુથી કહે છે મહારાજ આમાં તમારે ભગવાનપણું ન રાખવું. આટલું જાણે છે છતાં મહારાજ

સાથે કપટ કરેલ.

ગઢડા લક્ષ્મીવાડીમાં સચ્ચિદાનંદ સ્વામી શ્રીહરિનું ભજન સ્મરણ કરતા અને સેવાનું કાર્ય કરતા અને મહારાજનું ધ્યાન ધરતા અને મહારાજની કૃપાથી નિર્વાણ દ્રષ્ટિવાળા સમાધિનિષ્ઠ સંત હતા. મહારાજને માણકી સહિત ખાઈમાં નાંખી દેવાનું જાણી ગયા. પોતે તુરત જ આસન ઉપરથી ઉભા થઈ સુક્ષમ રૂપ ધારણ કરી જીવા ખાચરની ઘોડીમાં પ્રવેશ કર્યો અને જ્યાં ખાઈ આવી ત્યારે જીવા ખાચરને અને તેની ઘોડીને ખાઈમાં નાખી દીધા. શ્રીજી મહારાજે કહ્યું વાહ ! જીવાખાચર આવું તારૂ કપટ ! બ્રહ્માંડની માયાનો પાર આવે પણ તારી માયાનો પાર ન આવે.

દુર્વાષામુનિ હજારો ગોપીઓના થાળ જમી ગયા. આથી જીવાખાચરે શંકા કરી કે વ્યાસમુનિએ ગપ-ગોળા ઉડાવ્યા છે. માત્ર એક ઋષિ હજારો ગોપીઓના થાળ જમી જાય ખરા ?

મહારાજને હેત બતાવવા સારૂ જીવા ખાચરે પાંચસો પરમહંસોને જમવાનું આમંત્રણ આપેલ અને રસોઈ બધી બનાવી રાખી. ત્યાં મહારાજે જીવા ખાચરને કહ્યું કે અમારા સચ્ચિદાનંદ સ્વામીને ટીમણ કરવું છે. ત્યારે જીવા ખાચર બોલ્યા ભલે મહારાજ ! મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને ટીમણ કરવા બોલાવ્યા. સચ્ચિદાનંદ સ્વામી મનમાં મહારાજનું સ્મરણ કરીને ટીમણ કરવા બેઠા અને પાંચસો પરમહંસ માટે જે રસોઈ બનાવેલ તે બધી જમી ગયા !

જીવા ખાચરે બીજી રસોઈ તૈયાર કરાવીને પરમહંસોને જમાડ્યા. જીવાખાચરનું અભિમાન ઉતરી ગયું. વ્યાસ મુનિના વચનમાં વિશ્વાસ ન હોતો જેથી મહારાજે જીવા ખાચરને પરચો બતાવ્યો.

માંડવધારમાં હરિભક્તોએ શેરડીના વાડ કરેલ. ચીચોડો ચાલુ હતો અને રસની કુંડીઓ ભરાતી હતી તે વખતે બાવાની જમાત શેરડીના વાડે આવી અને ૮૦ રવા ગોળની માગણી કરી અને કહ્યું કે જો ૮૦ રવા ગોળ નહિ આપો તો તમારો ચીચોડો બંધ કરી દેશુ. આથી ભક્તો મુંઝાણા અને ગઢડા શ્રીજી મહારાજ પાસે આવ્યા. બાવાની જમાત શેરડીના વાડે આવી છે અને ૮૦ રવા ગોળની માગણી કરે છે. એ દુઃખની વાત મહારાજને કરી. જેથી શ્રીજી મહારાજ કહે તમે કાંઈ ચિંતા ન કરશો. સચ્ચિદાનંદ સ્વામીને મહારાજે તુરંત બોલાવ્યા અને કહ્યું તમારે

**ઓટામાં બે મોટા ફણીધર નાગ રહેતા હતા**

હરિભક્તો સાથે માંડવધાર જવાનું છે. માંડવધારમાં બાવાની જમાતે ૮૦ રવા ગોળની માગણી કરી છે અને હરિભક્તોને ધમકી આપી છે. જો ગોળ નહિ આપો તો તમારો ચીચોડો બંધ કરી દેશું. માટે તમો જાવ અને બાવાને ચમત્કાર બતાવીને રવાના કરી દ્યો. સચ્ચિદાનંદ સ્વામી માંડવધાર ભક્તો સાથે આવ્યા અને શેરડીના વાડે આવી ભક્તોને કહે એક કાચા દોરાનો દડો લઈ આવો. ભક્તો દડો લાવ્યા, સ્વામી કહે દોરાનો એક છેડો ચિચોડે બાંધી આવો અને એક છેડો મારી કેડે બાંધો ! પછી શ્રીજી મહારાજનું ધ્યાન ધર્યું. ત્યાં શેરડીનો ચીચોડો ચાલુ થઈ ગયો અને રસ નીકળવો શરૂ થઈ ગયો અને રસની કુંડીઓ ભરાવા લાગી. બાવાની જમાત સ્વામીનો આ ચમત્કાર જોઈને તુરત જ ભાગી ગઈ. મનુષ્યોથી ન થાય તેવા કામો સચ્ચિદાનંદ સ્વામી શ્રીજી મહારાજની કૃપાથી કરતા.

એક વખત પીપળીયા ગામે સચ્ચિદાનંદ સ્વામી આવ્યા હતા. અને મંદિરમાં કથા વાર્તા કરતા અને હરિભક્તને સત્સંગનો બોધ આપતા.

મંદિરમાં પીપળાના બે ઝાડ હતા અને ફરતો ઓટો હતો. ઓટામાં બે મોટા ફણીધર નાગ રહેતા હતા. સચ્ચિદાનંદ સ્વામી કથા વાર્તા કરતા અને ધ્યાનમાં બેસતા તે વખતે પીપળાના ઝાડના થડમાંથી નીકળી અને સ્વામીને ગળે વિંટળાઈને શંકરની જટાની જેમ બન્ને નાગે સ્વામીને મસ્તકે ફેણ રાખી ! જ્યારે ધ્યાનમાંથી જાગ્યા ત્યાં બીન્ને નાગ મસ્તકેથી ઉતરીને સ્વામીના દર્શન કરીને પાછા ઝાડમાં જતા રહ્યા. હરિભક્તોએ આ અદ્‌ભૂત ચમત્કાર જોઈ સ્વામી પાસે કંઠી બંધાવી વર્તમાન ધરાવ્યા અને આખું ગામ સત્સંગી થયું.

શ્રીજી મહારાજે એક વખત સચ્ચિદાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું આજ રાત્રે ભગુજીનું આયુષ્ય પુરૂ થાય છે. તો તમે દરવાજે બેસજો અને કાળ અંદર આવે તો તમો રોકજો અંદર આવવા દેશો નહિ. બરાબર મધ્યરાત્રે કાળ આવ્યો ત્યાં સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા ખબરદાર જો અંદર આવ્યો તો ! છતા કાળ અંદર આવ્યો. આથી સ્વામીએ પોતાની આગળ હળ પડ્યું હતું તે ઉપાડીને જોરથી એવું માર્યું કે કાળ રાડ (ત્રાડ) પાડીને અંદરથી બહાર નીકળી ગયો અને સ્વામીને કહે દયાળુ મને મારશો નહિ હું પાછો જતો રહું છું. સ્વામીની બીકથી કાળ ભાગી ગયો.

શ્રીજી મહારાજના ધામમાં ગયા બાદ છ માસે સચ્ચિદાનંદ સ્વામી શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરધામને પામ્યા.

# મન અધિક કે વચન અધિક ?

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)



સભામાં એકવાર બહેનો અમારી પાસે કીર્તન બોલતા હતા. સવારનો સમય હતો. એક બહેન ઉપર થોડો તડકો આવ્યો. અમે કહ્યું, બહેન તમે છાંયે બેસો, તમારા ઉપર તડકો આવે છે. એ બહેને અમારા સામે જોયું પણ સાંભળ્યુ ન સાંભળ્યુ કર્યું. થોડો વધારે તડકો આવ્યો. અમે ફરીથી કહ્યું. બહેન તમે છાંયે બેસો. તો કહે ચાલશે મહારાજ, અહીં ઠીક છે. પછી થોડી વારે તાપ લાગવા માંડ્યો હશે તેથી તરત ઉઠીને છાંયડે બેઠા. પણ અમારે કહ્યે ઉભા ન થયા.

પછી અમે બીજા બહેનોને કહ્યું કે એ છાંયડે બેસનારને પૂછો કે મન અધિક કહેવાય કે વચન અધિક કહેવાય ? બધા અંદર અંદર વાતો કરવા લાગ્યા પણ કોઈ કહે નહિ. અમે ફરી કહ્યું કે કેમ પૂછતા નથી ? તો કહે એ બહેન જવાબ નથી આપતા. અમે કહ્યું, શું જવાબ આપે ? તમને પૂછતાં આવડતું હોય તો આપેને ? અમે એક પ્રસંગે વડનગર ગયા હતા. ત્યાં એક વડ નીચે માણસોની ભીડ જામી હતી. અમે પૂછયું કે આટલા બધા લોક કેમ ભગા થયા છે ? ત્યારે માણસો બોલ્યા કે એક બાવાજી બેઠા છે તે બોલતા નથી. અમે ભીડની વચ્ચે થઈ બાવાજી પાસે ગયા. બાવાને કહ્યું કે બાવાજી ! મૌન રહેવાથી કંઈ નહિ મળે. બેઠા રહો તમ તમારે. એમ કહીને હાથનો અંગૂઠો દબાવ્યો. બાવો ધખ્યો. અમારી સામે ધૂરકીને એસી તેરી કરવા માંડ્યો. એમ મર્મ સ્થળે પ્રહાર કરો તો હમણાં બોલે !

શ્રીજીમહારાજ કચ્છ દેશમાં માનકૂવા ગામે વિરાજમાન હતા. માનવ સ્વભાવને અનુસરીને પોતાના સ્ત્રી ભક્તજનો આગળ સ્વભાવ વિશે વાત કરી રહ્યા હતા. દૈવી જનો સત્પુરુષના વચનને માને છે, અનુસરે છે. વિવેકી હોય તે વચન પ્રમાણે વર્તે છે. અમારું વચન માને તેને અમે મોટો માનીએ છીએ. વચન ન માને તે અમારી પાસે રાત દિવસ રહેતો હોય ને સેવા પણ કરતો હોય તો પણ અમે એને દૂર માનીએ છીએ. વચનમાં રહે તેને વિઘ્ન આવતાં નથી. શ્રીકૃષ્ણ ભગવાનના વચનથી અર્જુને પોતાના જ ગોત્રના

સગાવહાલાનો સંહાર કર્યો પણ વચને કરીને પાપ લાગ્યું નહિ. એમ મોટા વચનમાં સિદ્ધિ રહી છે. નાના મોટા બધા વચનનો આદર કરવો જોઈએ. મનમુખી ન થવું. મનનો વિશ્વાસ ન કરવો. અજ્ઞાની જનો મનનો વિશ્વાસ રાખે છે. મન કહે તેમ કરે છે તો અનેક ફંદામાં ફસાય છે. સત્પુરુષના વચનને અનુસરવાથી મનની અવળી ગતિ પર સંયમ આવે છે.

માણસનું મન ઠગારું છે. મન માણસને લલચાવે છે. ફસાવે છે. નચાવે છે. મનના ભટકાવ્યા બધાં જીવ ભટકે છે. મન નીતિ અનીતિ જોતું નથી. મન શુભ અશુભ કે સાચું ખોટું વિચારતું નથી. મન વડે શિવ બ્રહ્મા જેવા દેવો પણ છેતરાયા છે. મનથી સમગ્ર જગત ઘવાયું છે. છતાં મનને મિત્ર માનીને ચાલે છે. મનુષ્ય મનથી મોહિત થાય છે ત્યારે શાસ્ત્રકારોએ આંકેલી જીવન મર્યાદા દેખાતી નથી. ગુરુજનો તથા સાધુપુરુષોએ કહેલાં વચનો યાદ આવતાં નથી. સંતો જીવના પરમ હિતકારી છે. છતાં તેમના વચનને ગૌણ કરી મનને અધિક માને છે. મનનું ધાર્યું કરે છે.

દીવાળી પછી બેસતા વર્ષે મંદિરમાં ભગવાન પાસે અન્નકૂટ ભરાય છે. આવા એક પ્રસંગે જુનાગઢના મંદિરમાં અન્નકૂટની તૈયારી થતી હતી. સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ બે સંતોને બોલાવ્યા.

ઠાકોરજીના અન્નકૂટ માટે તમે ટીંબાવાડીએ જઈને બકાલું લઈ આવશો ? સ્વામીએ વિવેકથી પૂછયું.

સ્વામી તમે અમારી ઉંમર સામે તો જુઓ. ટીંબાવાડી એક ગાઉ કરતાં યે વધારે દૂર છે. અમને ચાલવામાં કેટલી મુશ્કેલી પડે ? સંતો શાક ભાજી લેવા માટે ન ગયા.

થોડો સમય ગયો એટલે એ જ બે સંતો સ્વામી પાસે આવ્યા. અને કહ્યું કે અમારે વસંત પંચમીના સમૈયા ઉપર મૂળી જવું છે. તો રજા આપો. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહરાજ પધારવાના છે. તેમના દર્શનની પણ ઉત્કંઠા છે.

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા - ભલે જાઓ મને વાંધો નથી. પણ મૂળી તો ચાલીસ-પચાસ ગાઉ છેટે છે. આટલે બધે આધે કેવી રીતે પૂગશો ?

પગપાળા જ જઈશું. એટલે તો અમે અગાઉથી જવા માટે રજા લેવા આવ્યા છીએ. ધીરે ધીરે મુકામ કરતા હાલ્યા જઈશું.

મોટાના વચનને અનુસરવા કરતાં મનને અનુસરવું મીઠું લાગે છે.

શ્રીજીમહારાજ માનકૂવા ગામે બહેનોની સમીપે સ્વભાવિક વાતો કરી રહ્યા છે.

અમને ભગવાન માને. પણ અમારા વચન ન માને. અમે તેનો ધોખો કરતા નથી. અમારે સૌનું માનવું પડે છે. કોઈ કહે જે મહારાજ અમારે ગામ પધારો તો અમે જઈએ છીએ. કોઈ કહે જે થાળ જમવા પધારો તો અમે જમવા જઈએ છીએ. જેમ કહે તેમ કરીએ છીએ. અમારે સંતો સાથે હરિભક્તો સાથે દેવીજનો-મુમુક્ષુઓ સાથે મહોબત રાખવી છે. ના પાડીએ તો ખોટું લાગે. વિમુખ થઈ જાય. પણ અમારું કહ્યું માને નહિ.

કોણ તમારું કહ્યું માનતું નથી ? બાજુના ઓરડામાંથી આત્માનંદ સ્વામી એકાએક બહાર આવીને બોલ્યા. આત્માનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, કૈવલ્યાનંદ સ્વામી વગેરે સંતો ઓરડામાં બેસીને વેદાંતના પ્રશ્નો શીખતા હતા. સાકાર-નિરાકારના ખંડન-મંડનનો અભ્યાસ કરતા હતા.

તમે માનો છો ? મહારાજે પૂછયું.

માનીએ જ છીએને ! તમે કહો તેમ કરીએ છીએ. તમારા વચન બહાર કદી વર્તતા નથી. વચન પ્રમાણે ન વર્તાણું હોય એવું તમારા ધ્યાનમાં આવ્યું હોય તો અમને કહો. વાત સાંભળીને બીજા સંતો પણ બહાર આવ્યા.

જુઓ, આ તલવાર છે. તમને મનાય છે ? કેવી ધારદાર છે ? શ્રીહરિ પોતાના ધોતિયાના છેડાને વળ દેતા હતા તે છેડો ઉંચો કરીને બતાવતા બોલ્યા.

હા, મનાય છે.

શું મનાય છે ?

આપ બતાવો છો તે ધારદાર તલવાર છે.

ઉપરથી કહો છે કેમ નથી કહો છો ?

આત્માનંદ સ્વામી મૌન રહ્યા.

કેમ બોલતા નથી ?

મહારાજ ! કહું છું તો ઉપરથી ! સ્વામીનો અવાજ ઢીલો પડ્યો.

એ શું કામનું ? મહારાજે કહ્યું. લંકાના યુદ્ધમાં લક્ષ્મણજીને બાણ વાગતા મૂર્છા આવી ગઈ. વૈદે કહ્યું જે દ્રોણાચળ પર્વતમાં સંજીવની ઔષધિ છે તે સવાર થાય તે પહેલાં લઈ આવો તો કામ થાય. રામચંદ્રજીએ સૌના

સામે જોયું. કોઈ જવા માટે તૈયાર ન થયા. પરંતુ હનુમાનજી તો રામજી કંઈ કહે તે પહેલાં જ નીકળી ગયા. તેમ અમે પણ કહીએ જે ગિરનાર પર્વત ઉપાડી લાવો તો અમારું વચન કેટલા માને ? અમે કહીએ અને તરત જ નિસંશયપણે ચાલી નીકળે. મનમાં સંકલ્પ ન થાય જે ગિરનાર કેમ કરીને ઉપડશે ? પછી ભલે ત્યાંથી એક નાનો પથ્થર ઉપાડીને જ લાવે તો પણ અમે માની લઈએ કે એ ગિરનાર ઉપાડીને લાવ્યા ! અમારા વચનનો એણે આદર કર્યો. એટલે તે વચન પાલક ગણાય.

દિવસ હોય અને અમે કહીએ જે રાત્રિ છે. તો રાત્રિ જ દેખાય અને રાત્રિ હોય ને કહીએ જે દિવસ છે તો દિવસ જ દેખાય. આવું દ્રઢપણે વર્તે ત્યારે વચન માન્યું કહેવાય. માટે તમે અમને રામચંદ્ર જેવા જાણતા હો તો હનુમાનજીની પેઠે વચન પાળવું પડશે. અને શ્રીકૃષ્ણ જેવા માનતા હો તો ગોપીયોના સરખું વચન માન્યું જોઈએ. જો એમ ન મનાય તો અમારે કંઈ કહેવાનું રહેતું નથી. અમે કહ્યું એમ જેને માનવું હોય તે અમારી પાસે રહે, ન માનવું હોય તે એમને ફાવે ત્યાં જતા રહે.

સંતો મુંઝાયા, વિચારશીલ બની ગયા. શ્રીજી મહારાજે જતા રહેવાનું કહેવાથી ઉદાસ થઈ ગયા. દ્વિધા પારખીને કહ્યું. મુંઝાઓ છો શા માટે ? વિચાર કરવા માટે તમારી પાસે આખી રાત છે. કેશવજીની ઓરડીએ બધા ભેગા થાજો. પરસ્પર ચર્ચા કરજો. વિચાર કરજો અને જે નિર્ણય કરો તેની અમને સવારે જાણ કરજો. જેને અમારું મનાય તે અમારી પાસે આવજો. ન મનાય તે બારોબર વયા જાય. અમારી પાસે આવવાની જરૂર નથી.

રાત્રે કેશવજીની ઓરડીએ ભેગા થયા. સંતોની શ્રીજી મહારાજને વિષે સર્વોપરિ ભગવાન હોવાની સમઝ સરખી હતી. શ્રીહરિના બધા વચન તેઓ માનતા હતા. શ્રીહરિ જે કંઈ કહે તેનો અમલ કરવા તત્પર રહેતા.

તો પછી અસમજણપણું ક્યાં હતું ?

સંતો વિચારવા લાગ્યા. દિવસ હોય અને રાત કહે એ આપણે મનથી માની



લીધું. પણ બહાર આંખ સામે સૂર્યનારાયણ ઝળહળતા પ્રકાશતા હોય એ કેમ વિસરાય ?

પાછા મહારાજ પૂછે કે ઉપરથી કહો છો કે અંદરથી ? અંદરથી કહીએ તો આંખ સામે જે દેખાતું હોય તે છુપાવ્યું કહેવાય. માટે બહારની દ્રષ્ટિમાં અને અંદરની દ્રષ્ટિમાં જે ફરક દેખાય છે, વિલક્ષણતા દેખાય છે અલગપણું જણાય છે એ ભિન્નત્વની ભેદ દ્રષ્ટિનું સમાધાન કેવી રીતે કરવું ? બધાએ મુક્તમુનિ સામે જોયું. સ્વામી ! આમાં તમારો શો અભિપ્રાય છે ? નિરાકરણ માટે કંઈક રસ્તો સુઝાડો. આ તો બહુ મોટી મુંઝવણ પેદા થઈ.

મહાપુરુષો ! અત્યારે રાત્રિ વર્તે છે પણ મહારાજશ્રી આપણને કહે કે દિવસ છે તો અંતરમાં તો શ્રીહરિના વચનમાં શ્રધ્ધા હોવાથી હા પડે. પણ બહાર રાત દેખાતી હોય તો આમાં સત્ય ક્યું એ જ આપણી મુંઝવણ છે ને ?

હા, બસ એ જ પ્રશ્ન છે.

આપણે સવારે મહારાજને જ પૂછીશું. મુક્તમુનિએ કહ્યું.

શ્રીજી મહારાજ દાતણવડે મુખ શુદ્ધિ કરી રહ્યા હતા. સામેથી સંતવૃંદને આવતા દેખ્યું. મુખ ઉપર હાસ્ય રેખાઓ ઉપસી આવી.

શો નિર્ણય કરીને આવ્યા છો ?

હે પ્રભો ! અંતરમાં તો આપ કહો છો તે પ્રમાણે હા પડે છે. દ્રઢતા પૂર્વક મનાય છે. પરંતુ બહાર વિપરીતપણું જણાય છે તે ટળતું નથી.

અંતરમાં તો મનાય છે ને ?

હા મહારાજ મનાય છે.

અંતરમાં મનાય તે સાચું છે. આ જગત મિથ્યા છે. જગતમાં જે જણાય છે તે પણ મિથ્યા છે. બાહ્યદ્રષ્ટિ દૈત્યની છે. અંતરદ્રષ્ટિ સાધુની છે. વિપરીત પણાની ભાવના કાઢી નાખો. કરૂણા સાગર નામ સાર્થક કરતા શ્રીહરિ સંતો ઉપર અમી દ્રષ્ટિથી પ્રસન્નતા વરસાવી રહ્યા હતા.

સ્વામી ! મુક્તમુનિને ઉદ્દેશીને કહ્યું, સુંદરજીભાઈ અને હીરજીભાઈ અવાર નવાર સમાચાર મોકલે છે અને આપણને તેડાવે છે. આજે તમે બધા જમીને તૈયારી કરજો. બપોર પછી ભુજનગર જવાનું છે.

# સત્સંગીમાત્રની ધ્રુવ માકડી

● અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (ટોરન્ટો કેનેડા) ●

તાજેતરમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી લેકલેન્ડ સિટી ફ્લોરિડા (અમેરિકા)માં નૂતન મંદિરના નિર્માણ પ્રસંગે પધારેલા. સત્સંગ સભામાં આશીર્વચન પાઠવતાં તેઓશ્રી એ એક સુંદર વાત કરી.

"શિક્ષાપત્રી એ સત્સંગી માત્રની ધ્રુવ-માકડી છે. બે નાવિક છે. એમાંનો એક નાવિક પોતાના વહાણને, એમને એમ દરિયામાં હંકારે રાખે છે. એની પાસે કોઈ ધ્રુવ માકડી (હોકાયંત્ર-દિશમાનયંત્ર) નથી તો એ ક્યારેય એના નિશ્ચિત સ્થાને પહોંચી શકશે નહિ. અને બીજો એક નાવિક છે. એની પાસે વહાણમાં ધ્રુવ માકડી છે. એટલે એના સહારે નિશ્ચિત દિશા પકડી રાખીને પોતાના અંતિમ સ્થાને ચોક્કસપણે પહોંચી શકશે. એને કોઈ ચિંતા નથી, માત્ર ધ્રુવ માકડીએ દર્શાવેલી દિશા જ પકડી રાખવાની છે. આપણને સૌને શ્રીજી મહારાજે શિક્ષાપત્રી રૂપી ધ્રુવ માકડી આપી છે બસ એની આજ્ઞાઓને જ અનુસરવાનું છે. અને તો જ કલ્યાણ છે. બાકી તો શ્રીજી મહારાજ કહે છે તેમ અમારે ને તમારે કોઈ લેણા-દેણા નથી !"

વાત કેટલી સરસ છે ? શ્રીજી મહારાજે શિક્ષાપત્રી આપીને કશુંજ બાકી રાખ્યું નથી. પાશ્ચાત્ય દેશો જેવાં કે અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ વિ.માં સરકારી કે મોટી મોટી કંપનીઓમાં કર્મચારીને જ્યારે નોકરીમાં લેવામાં આવે છે. ત્યારે લેખિત પરીક્ષા, ઈન્ટરવ્યુ વિ. પાસ કર્યા પછી, છેલ્લે એ કર્મચારી-ઉમેદવારનો સ્કીન ટેસ્ટ અને ડ્રગટેસ્ટ લેવાય છે. કેમ કે વિકસિત દેશોમાં સરકાર એવું માને છે



કે અમારો કર્મચારી ક્યારેય કોઈ પણ પ્રકારનાં ડ્રગ જેવાં કે બ્રાઉન સુગર, ચરસ, ગાંજા વિ.નો બંધાણી કે વ્યસની ના હોવો જોઈએ !

આ જ વાત આજથી સવાબસો વરસ પહેલાં શ્રીજીમહારાજે સર્વે આશ્રિતજનોને સમજાવી છે.

"અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો, અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો. અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો આદિક જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહિ અને પીવી પણ નહિ." (શિક્ષાપત્રી ૧૮)

એમણે તો વળી ત્યાં સુધી આજ્ઞા કરી છે કે :

"જે ઔષધ દારૂ (આલ્કોહોલ યુક્ત દવા) તથા માંસ તેણે યુક્ત હોય, તે ઔષધ ક્યારેય ન ખાવું." (શિક્ષાપત્રી ૩૧)

પશ્ચિમના વિકસિત દેશો જ્યારે જે વાત, જે તથ્ય જે હકીકત સ્વીકારે ત્યારે સમગ્ર વિશ્વમાં એ વસ્તુ અનુકરણીય બની જાય છે - એવો એક વાયરો સર્વત્ર જોવા મળે છે.

અરે ! આવી તો ઘણી બધી વાતો, હકીકતો છે જે વરસો પહેલાં શ્રી સહજાનંદસ્વામી મહાપ્રભુએ અનુભવથી સમજાવી છે કે આમ કરવું, આમ ન કરવું. એવાં નોંખા વિભાગો પાડીને શિક્ષાપત્રી રૂપી ધ્રુવ માકડી બનાવીને આપણને આપી છે.

જગતનાં સર્વે ધર્મો અને સર્વ ધર્મપુસ્તકોનો અથઃથી ઈતિ સુધી અભ્યાસ કરીએ તો પણ - બધું જ જેમાં આવી જાય એવી ટચૂકડી "અનુભવ પત્રી" કલ્યાણને પામવાની - ક્યાંય નહીં મળે !

ઈંન્ફોર્મેશન ટેકનોલોજીની હરળફાળ પછી અત્યારે સર્વત્ર પ્રોફેશનલ વ્યવસાયોની ખૂબ બોલબાલા છે. ઈન્ટેલ કંપનીનાં બીલ ગેટ હોય કે આપણાં ઈન્ફોસીસનાં કૃષ્ણમૂર્તિ - આ બધાંય જગતનાં અતિ શ્રેષ્ઠ ધનિકો કઈ રીતે બન્યાં છે ? એમનું "મની મેનેજમેન્ટ" પાવરફુલ છે. આ મની મેનેજમેન્ટ એટલે શું ? શ્રીજીમહારાજે

આનો મૂળભૂત સિદ્ધાંત વર્ષો પહેલાં સમજાવ્યો છે અને શિક્ષાપત્રીમાં આજ્ઞા સ્વરૂપે વણી લીધો છે !

ટાટા હોય કે બિરલા, કે પછી અમેરિકાની આઈ.બી.એમ. IBM કંપની ! આ સર્વે મોટી મોટી કંપનીઓ અત્યારે ખૂબજ નફો રળી રહી છે અને જગતની નામાંકિત કંપનીઓ તરીકે વિશ્વપ્રસિદ્ધ છે. એનાં કારણો એક નથી પરંતુ અનેક છે !

એનું જે મેનેજમેન્ટ છે તે પોતાના બધા જ કર્મચારીઓની યથાયોગ્ય સંભાવના નિરતંર કરે છે. અને જે કર્મચારી જેવા ગુણે કરીને યુક્ત હોય (according to quolification, experience and skill) તેવા કાર્યને વિષે એને ગોઠવે છે (Utilize) જેથી એની બુદ્ધિમતાનો સર્વશ્રેષ્ઠ લાભ કંપનીને સતત મળે.

શિક્ષાપત્રીના પ્રત્યેક શ્લોકને કે એની પ્રત્યેક આજ્ઞાને અર્વાચીન સમય સાથે અને વિશ્વની આધુનિક ગતિવિધિઓ સાથે સરખાવીને મૂલવીએ તો પણ સ્હેજે સ્હેજે સમજાશે કે "આપણી શિક્ષાપત્રીમાં શું નથી ?" આથી અધિક ગૌરવ લેવા જેવી બાબત બીજી શી હોઈ શકે ? "અને પોતાની ઉપજનું જે દ્રવ્ય, તેને અનુસારે નિરતંર ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ન કરવો. ને જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે, તેને મોટું દુઃખ થાય છે, એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું." (શિક્ષાપત્રી. ૧૪૫)

"અને પોતાના વ્યવહારકાર્ય ને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે, બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને તેનું નામું લખવું." (શિક્ષાપત્રી ૧૪૬)

આ બન્ને આજ્ઞાઓને મનીમેનેજમેન્ટની આજ્ઞાઓ કહી શકીએ ?

"અને જે મનુષ્ય, જેવા ગુણે કરીને યુક્ય હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો, પણ જે કાર્યને વિષે યોગ્ય ન હોય તે કાર્યને વિષે, તેને ક્યારેય ન પ્રેરવો." (શિક્ષાપત્રી ૬૬)

"અને પોતાના જે સેવક હોય તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી." (શિક્ષાપત્રી ૬૭)

આ ૬૬ અને ૬૭મી આજ્ઞાઓને Human resources માનવ સંશોધન ની આજ્ઞાઓ કહી શકીએ ?

મોટી મોટી કંપનીઓનો માલિક હોય કે પછી નાનો મોટો બીઝનેસ કરતો હોય અથવા તો નોકરી કે ખેતીવાડી કરતો હોય આખર તો એ ગૃહસ્થ જ છે ને ? જગતની નામાંકિત કંપનીઓ પણ પોતાનો વહીવટ આ ચાર આજ્ઞાઓને અમલમાં મૂકીને જ કરી રહી છે ને ? અને કદાચ તેથી જ તે અઢળક ધન સંપત્તિ અને કીર્તિ પામી રહી છે !

એક સત્સંગી તરીકે, શ્રીહરિએ, આપણને સૌને "જગતનાં જીવો" કરતા એક જુદી જ કક્ષા - "ભગવાનના ભક્ત"ની કક્ષામાં મૂકી દીધા છે. જગતના જીવો સુખમય જીવન પસાર કરી શકે એ માટે તો શિક્ષાપત્રીમાં આજ્ઞાઓ છે જ. પરંતુ ભગવાનના ભક્તનું બિરુદ પામ્યા પછી જો સીધે સીધું અક્ષરધામમાં જ પૂગાવું હોય તો "સુખમય જીવન" માટેની આજ્ઞાઓ ઉપરાંત ધર્મ અને સત્સંગને લગતી બીજી વિશેષ આજ્ઞાઓ - વિશેષ ધર્મો - પણ પાળવા જ રહ્યાં.

પ્રત્યેક શ્લોકને સમકાલીન સમય સાથે મૂલવીએ તો પણ સ્પષ્ટ પણે સમજાશે કે :

શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ "પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને. વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ છે. તે વાંચવા"..... એમ આશીર્વાદ આપીને શિક્ષાપત્રી રૂપી જે મુલ્યવાન પત્રી પાઠવી છે તે કેટલી દિવ્ય અને અલૌકિક છે !

શ્રીહરિ પાછાં "શ્રીમન્નારાયણ - એટલે કે સ્વંય પોતાની જ સ્મૃતિએ સહિત આશીર્વાદ પાઠવે છે ! અર્થાત્ શ્રી પુરુષોત્તમ નારાયણે અહીં આશીર્વાદ બેવડાવ્યા છે.

ધર્મ, અર્થ, કામ અને છેલ્લે મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચયથી પામવાને વાસ્તે એકાગ્ર મને કરીને સર્વજીવને હિતને કરનારી એવી શિક્ષાપત્રી તો આપણા સૌની એવી માર્ગદર્શિકા છે. એવી ધ્રુવ માંકડી છે જેના સહારે રહીને નિશ્ચિતપણે અંતિમ ધ્યેય એવા મોક્ષને પામી શકાશે.

"જેનાં રોમ શુછિદ્રમાં અણુંસમ બ્રહ્માંડ કોટિ ફરે" એવા સર્વ અવતારનાં અવતારી, શ્રી પુરુષોત્તમ મહાપ્રભુએ જ્યારે આવી અદ્‌ભૂત ધ્રુવ માકડી (દિશમાનયંત્ર) આપણને આપી હોય

પછી અન્ય આડાં અવળાં ખપાટિયાં જેવાં હોકાયંત્ર નો સહારો લઈને દિશા ગોતવા પ્રયત્ન કરીશું તો ક્યાંથી મેળ પડશે ?

અને એટલે જ નિત્ય સવારે પૂજામાં શિક્ષાપત્રીનો પાઠ કરવાની આજ્ઞા પણ કરી છે. "રખેને ! મારો આશ્રિતજન એનાં દિશમાન ને ભૂલી જાય અને એનાં જીવનું બગડે ! આવી એક પિતા તરીકેની આત્મીયતા થી જ એમણે સર્વ આજ્ઞાઓ કરી છે.

એક ડોશીમાં હતાં તે આખું જીવન શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણેનું જીવ્યાં. "બસ શ્રી સ્વામિનારાયણ જ મારા ભગવાન અને શિક્ષાપત્રી જ મારો ધર્મ." આવી ખુમારી થી આખું જીવન વિતાવ્યું, અંત સમયે બીજા લોકમાંથી પાર્ષદો ડોશીમાં ને તેડવા આવ્યા.

ડોશીમાં તુરત જ તાડુક્યા : "કોણ છો તમે ? હું તમને નથી ઓળખતી. જાવ પાછા મારા સ્વામિનારાયણ ભગવાન તેડવા આવશે તો જ આવીશ. મેં આખું જીવન શિક્ષાપત્રી પ્રમાણે વિતાવ્યુ છે તેથી તે આવશે જ. કેમ નહીં આવે ?"

અને છેવટે શ્રીહરિ શ્વેતવસ્ત્રધારીને શ્વેતપાઘમાં શોભાયમાન બની વિમાન સહિત ડોશીમાને લેવા આવ્યાં અને મંદમંદ હાસ્ય સહિત બોલ્યા, ચાલો 'મા' અમારા ધામમાં તમને તેડવા આવ્યા છીએ !"

લૌકિક અને અલૌકિક એ બંન્ને સુખની પ્રાપ્તિ માત્ર આ જ ધ્રુવ માંકડીમાં છે. અન્યત્ર ક્યાંય નથી. એટલું અવશ્ય યાદ રાખીએ.

## નાયગ્રા ફોલ્સ કેનેડા ખાતે

# ગુરુ પૂર્ણિમાની ઉજવણી

ટોરન્ટો અને આસપાસ વસતા કેનેડાના સત્સંગીઓ બધાં ભેગા મળી નાયગ્રા ફોલ્સ ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે સત્સંગ સભાનું આયોજન કર્યું હતું.

ઘણી મોટી સંખ્યામાં સત્સંગીભાઈ, બહેનો, હરિભક્તો પરિવાર સહિત બસ દ્વારા નાયગ્રા ગયા હતાં. રસ્તામાં હેમિલ્ટોન માં રહેતા પ.ભ. શ્રી કાનજીભાઈના ઘેર બપોરની સભા તથા મહાપ્રસાદ હતો ત્યાં સૌએ સત્સંગ સભાનો દિવ્ય લાભ લીધો. પ. પૂ. આચાર્ય મહારાજશ્રીની પ્રતિમાને સુકા મેવાના હાર ચઢાવી સૌ હરિભક્તોએ અક્ષતથી વધાવી પૂજન અર્ચન કર્યા હતા. બોસ્ટન મંદિરમાં સેવા આપતા પૂ. હરિપ્રિયદાસ સ્વામીએ ફોન દ્વારા (ગઢડા પ્રથમનું ૨૮મું) વચનામૃતની સુંદર કથાનો સૌને લાભ આપ્યો હતો.

બપોરે ૩ વાગ્યે નાયગ્રા ફોલ્સ જવા નીકળેલાં ત્યાં સર્વેએ વિશ્વપ્રસિધ્ધ ધોધ ને નિહાળી એની રોશની આતશબાજી વિ.નો રાત્રિના ૧૦ વાગ્યે કાર્યક્રમ નિહાળી, પછી ટોરન્ટો આવવા નીકળ્યા.

અત્રે ટોરન્ટો, કેનેડામાં દર રવિવારે ૩ થી ૭ દરમ્યાન સુંદર ઘર સત્સંગ સભા નિયમિત યોજાય છે. પ.ભ. શ્રી રમેશભાઈ, શ્રી શશીકાંતભાઈ, શ્રી વિપુલભાઈ સહિત ઘણાંજ સત્સંગી હરિભક્તો આ સભામાં આવે છે. "આજ મારે ઓરડે રે"ના પદથી શરૂ કરીને, કીર્તન, વચનામૃત આરતી, ધૂન્ય આદિક સર્વે અંગોથી પરિપૂર્ણ એવી આ સત્સંગ સભા હોય છે. સૌ હરિભક્તો અહીં નિષ્ઠા પૂર્વક સત્સંગ કરે છે કરાવે છે. અને વહેલામાં વહેલી તકે આપણું મંદિર પૂર્ણ થાય અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી નરનારાયણદેવ શ્રી ઘનશ્યામ મહારાજ અહીં કેનેડામાં વિરાજમાન થાય એવી પ્રાર્થના કરીએ છીએ.

*(I.S.S.O. ટોરન્ટો સત્સંગ ચેપ્ટર*

# મા-બાપે બાળકોને સમય આપવો જોઈએ ?

- પ્રો. એ. આર. દલાલ
(શ્રી સહજાનંદ આર્ટસ-કોમર્સ કોલેજ)



સર્વોપરિ સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણે આજ્ઞા કરી છે કે ભગવાનના ભક્તે કોઈપણ કામ વગરનો નકામો સમય બગાડવો નહિ.

જગતમાં રહેવું છે એટલે પ્રવૃત્તિ વિના રહી શકાય નહિ. જગત સંબંધી પ્રવૃત્તિમાં ધન કમાવવાની અથવા પરિવાર સંભાળવાની પ્રવૃત્તિ ફરજ બની રહે છે..

("સ્વામિનારાયણ" જાન્યુ. ૦૪)

માનવી ધન કમાવવાની પ્રવૃત્તિ અને પરિવાર સંભાળવાની પ્રવૃત્તિમાં સમતોલન ન જાળવે ત્યારે પ્રશ્નો ઊભા થાય છે. આજના પ્રવૃત્તિ લક્ષી યુગમાં માતા-પિતા અને સંતાનોની રિલેશન શીપ્સમાં પરિવાર સંભાળવાની પ્રવૃત્તિમાં આવી રહેલા બદલાવને જાણવો જરૂરી છે. તેવું, સમાજશાસ્ત્રીઓ અને સામાજીક સંગઠનોનું માનવું છે. માટે નીચે જણાવેલ બાબતો ધ્યાનમાં લઈ શકાય.

૧. આજે સંતાનોના મિત્રો વિષે ઘરમાં ખૂબ જ ઓછી માહિતી હોય છે, કારણ કે મોટા ભાગના મિત્રો એકબીજાને ઘરે જવાને બદલે મોબાઈલ પર જ કામ પતાવી દે છે.

૨. જ્યારે મા-બાપ બાળકોને તેમની પ્રવૃત્તિ વિષે કે તેમના મિત્રો વિષે જાણકારી મેળવવાનો પ્રયત્ન કરે. ત્યારે આધુનિક સમાજમાં થઈ રહેલા બદલાવમાં તેને નકામી ચીકાશ તરીકે ગણવામાં આવે છે. પરિણામે સમયાંતરે રોજ બરોજ બનતા કિસ્સા સ્વરૂપે સમાજને પરિણામ ભોગવવું પડે છે.

૩. આજે માતા-પિતા અને સંતાનો એવા પ્રકારની આધુનિકતામાં જીવી રહ્યા છે. જેમાં ઘરની બહાર સેલીબ્રેશનનું પ્રમાણ વધ્યું છે. મોબાઈલ કલ્ચર, ટી.વી. સિરીયલ અને સાઈબર કાફેના કલ્ચરમાં માનસિકતા અને વિચારધારા બદલાઈ રહી છે. મા-બાપ વધુ લીબર્ટીમાં માનતા થયા છે અને તેમના સંતાનોને પણ આવી ફ્રીડમ આપતા રહે છે.

૪. આજે મા-બાપ તેમના છોકરાનું અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપી, સારા કપડા અને ભૌતિક સુખ સાધનો પૂરા પાડી મા-બાપ તરીકેની આદર્શ ભૂમિકા ભજવ્યાનો સંતોષ માને છે.

૫. વર્તમાન સમયમાં મહદ અંશે મા-બાપ ધન ઉપાર્જન અને પ્રતિષ્ઠા લાલસા (Esteen Needs) સંતોષવામાં ગળા ડૂબ રહેવાને કારણે તેમના બાળકોના વિકાસમાં તેમની

પ્રવૃત્તિઓમાં જરૂરી અને યોગ્ય સમયે માર્ગદર્શન અને હૂંફ આપી ન શકવાને કારણે બાળક એકલતા અનુભવે છે. પરિણામે તે મા-બાપના પ્રેમથી દૂર જાય છે અને ક્યારેક હતાશાના પરિણામે દૂષણોનો ભોગ બને છે.

ઉપરોક્ત બાબતોના ઉકેલ માટે નીચે જણાવેલ બાબતો પર દૃષ્ટિ કરી શકાય.

ડિસેમ્બર ૨૦૦૩ના "સ્વામિનારાયણ" અંકમાં વાંચ્યુ કે "વજન અને ભજન નિયમિત કરવું. વજન વધવા ન દેવું ભજન ઘટવા ન દેવુ."

અહીં ભજન એટલે પ્રભુનો રાજીપો મેળવવાનો સંનિષ્ઠ પ્રયત્ન. આ માટે પ્રભુને વ્હાલી કિયા એટલે પ્રભુની અને કુટુંબની સેવા એટલા પ્રભુને અને કુટુંબને વ્હાલા કામો કરવા

કુટુંબની સેવા કરવા માટે

૧. બદલાઈ રહેલી સામાજીક પરિસ્થિતિમાં માતા-પિતા અને સંતાનો માટે પુરતું કાઉન્સેલીંગ જરૂરી છે. પહેલાના વખતમાં સાંજે જમ્યા પછી કુટુંબના સભ્યો અને બાળકો વચ્ચે પ્રેમાળ ગોષ્ઠિ થતી, સંવાદો અને ચર્ચા થતી અને પ્રસંગને અનુરૂપ નિર્ણય લેવાતા. જે આજે આવશ્યક છે.

૨. આજે મા-બાપે બાળકોમા અને બાળકોએ મા-બાપનો વિશ્વાસ સંપાદન કરવાની જરૂર છે. અહીં બંને પક્ષોએ કાયમ માટે વફાદારી પૂર્વક એકબીજાના પૂરક બની રહેવું પડશે.

૩. મા-બાપ તેમના સંતાનોને ભૌતિક સુખ સાધનો પૂરા પાડવાની સાથે જીવતર જીવવા માટેનું ભાથુ કે બદલાઈ રહેલી સામાજીક પરિસ્થિતિમાં બાળકોએ કેવી રીતે જીવવું તેનું શિક્ષણ નથી આપતા, ક્યારેક માતા-પિતા પાસે આવું શિક્ષણ ન હોવાને કારણે સંતાનો સાથે વધુ પડતી કડકાઈ નુકશાનકારક બની રહે છે.

આ માટે માત્ર મા-બાપનો જ ફાળો પૂરતો નથી, પરંતુ સામાજીક સંસ્થાઓએ પણ આગળ આવીને સોશ્યલ કાઉન્સેલીંગ સેક્ટર્સ ઉભા કરવા જોઈએ. સમાજમાં થતા નોંધપાત્ર બનાવોના સંદર્ભમાં ચર્ચા કરી મા-બાપ અને યંગસ્ટરીનું કાઉન્સેલીંગ કરી શકાય.

૪. અમેરિકાના રથચાઈલ્ડ નામના અબજોપતિને જ્યારે તેમની સફળતાનું રહસ્ય જણાવવાનું કહ્યું ત્યારે તેમણે જણાવ્યું કે, "હું સમજણમાં આવ્યો ત્યારથી મેં નક્કી કરેલ કે કંઈ પણ કરીને પસ્તાવાનું થાય તો ભલે પસ્તાવુ પણ કંઈ કર્યા વિના જીંદગીમાં બેસી ન રહેવુ."

જો કંઈ પણ કામ ખોટું થઈ ગયું હોય તો તેને સુધારી લેવાનો કોઈ રસ્તો મળી આવી શકે પણ જે કામ કર્યું જ ન હોય તો તે કાયમ માટે હાથમાંથી ગયુ તેમ સમજી જ લેવું પડે. ગયેલી તક જીંદગીમાં ક્યારેય પાછી આવતી નથી. જે તક ઝડપી લીધી તે જ આપણી."

માટે જ કહી શકાય કે તમે મા-બાપ તરીકેની ફરજ બજાવવામાં મદદ માટે કોની સામે આજીજી કરો છો ?

તમારા સિવાય તમારું કોઈ બેલી નથી. કોઈ ઉદ્ધારક નથી. તમે જ્યાં સુધી તમારા મિત્ર તમારા શુભેચ્છક અને તમારા સાથી નહિ બનો ત્યાં સુધી દુનિયા તમને ઠુકરાવ્યા જ કરશે. તમારી એક પણ વાત તરફ ધ્યાન નહિ અપાય. હા, તમે જ તમને ચાહશો, તમારા પોતાના પ્રેમમાં પડી જશો પરિવાર અને બાળકોમાં ચોમેરથી તો આપો આપ તમને સાથ સહકાર માન અને પ્રેમ મળવા લાગશે. આ જગત 'ઈકો પોઈન્ટ' (Eco-Point) જેવું છે. તમે જો પ્રેમપૂર્ણ અંદરથી સુખી અને શાંત હશો તો ચોમેરથી તમારા તરફ તમે જે પ્રેમ બાળકોને વહેંચી રહ્યા છો. તેમા બાળકો તરફથી તમારી ઉપર વરસાદ થવા લાગશે.

આમ મા-બાપે મા-બાપ તરીકેની ફરજ બજાવ્યાના કાર્ય સંતોષ (Job-Satisfaction) માટે બાળકોના સંપૂર્ણ વિકાસની તક પૂરી પાડવા માટે બાળકોને માત્ર કુટુંબના સભ્ય ન ગણતાં તેમને કુટુંબના અવિભાજ્ય અંગ ગણી, તેમને જરૂરિયાત પ્રમાણે પૂરતો સમય આપી તેમના દુર્ગુણો સુધારવાના પ્રયત્નો કરી તેમના સદ્‌ગુણોને પ્રકાશમાં લાવવાના સભાન, પ્રયત્ન કરી ભવિષ્યના સમાજને એક ઉદાહરણ પુરુ પાડવાનો સમય હવે આજના વૈશ્વીકરણના યુગમાં પાકી ગયો છે. તેવું માનીએ તો તે અસ્થાને નહિ ગણાય.

આથી જ તો કહી શકાય કે, "જીવન એ જ મહા પર્વ છે. તેને કંઈ પણ કુટુંબલક્ષી કે ધર્મ લક્ષી કાર્ય કર્યા વગર એળે કેમ જવા દેવાય ?


સત્સંગ બાલવાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સંસારમાં રહીને સત્સંગ થાય

- શાસ્ત્રી હરિ સ્વામી (ગાંધીનગર)

કોઈ એક ગામનો આગેવાન ગણાતો એવો ઘોડેસવાર પોતાનો ઘોડો લઈને દૂર સુદૂરની મુસાફરી કરીને ગામ ભણી પાછો આવી રહ્યો હતો. માથે તાપ પણ ખરો અને મુસાફરીનો થાક પણ ખરો. સાથે સાથે તરસ પણ ખૂબ લાગેલી અને વિશેષમાં ઘોડો પણ ખૂબ તરસ્યો થયેલો. આ ભાઈને પોતાના કરતાં પણ ઘોડાની ચિંતા વધુ હતી. ઘોડા ઉપર એને ખૂબ પ્રેમ હતો. આજુબાજુ નજર કરતો કરતો ચાલ્યો આવે છે. ક્યાંય પાણી દેખાતું નથી. એવામાં દૂરથી એક વાડી દેખાણી તેથી પાણીની આશા બંધાણી. લીલા વૃક્ષ દેખાય છે. બાજરીના ડુંડાં પણ લહેરાતાં દેખાય છે. તો પાણી હશે જ. ઘોડેસવાર એ તરફ ગયો. જોગાનુંજોગ ખેડૂત પણ વાડીમાં જ હતો અને કોસ ચલાવી રહ્યો હતો. આ એ સમય હતો કે હજુ કૂવામાંથી પાણી કાઢવામાં મશીનો શોધાયાં નહોતાં. તેથી બળદ જોડી અને કૂવામાંથી ચામડાના કોસ દ્વારા પાણી કાઢવામાં આવતું. કૂવા કાંઠે કુંડી હોય તેમાં કોસ ઠલવાય અને પાણી આગળ ચાલ્યું જાય.

ઘોડેસવાર કુવાના કાંઠે આવીને ઉભો રહ્યો. કોસ ચાલુ થયો તો એમાંથી કીચુડ કીચુડ અવાજ આવવા લાગ્યો. અવાજ સાંભળીને ઘોડો ભડક્યોને દૂર ભાગી ગયો. તેથી ઘોડેસવારે ખેડૂતને કહ્યું કે ભાઈ ! જરા આ કીચુડ કીચુડ અવાજ આવે છે તે બંધ કરને આ મારો ઘોડો ભડકે છે. પરોપકારી ખેડૂતે કોસ ઉભો રાખ્યો. તેથી અવાજ બંધ થયો અને ઘોડો પાણીની કુંડી પાસે આવ્યો તો પાણી ખલાસ ! તેથી ઘોડેસવાર કહે છે ભાઈ ! મેં તને



અવાજ બંધ કરવાનું કહ્યું પાણી બંધ કરવાનું ક્યાં કહ્યું છે ? પાણી આવવા દે તો મારો ઘોડો પીએ. ખેડૂતે ફરી કોસ ચાલુ કર્યો. તેથી કીચુડ કીચુડ અવાજ થયો. ફરી ઘોડો ભડક્યો અને દૂર જતો રહ્યો. આ વખતે તો ઘોડેસવાર થોડો ગુસ્સે થયોને ખેડૂતને કહ્યું કે આ તારૂં કીચુડ કીચુડ બંધ કર. તને એકવાર તો કહ્યું કે મારો ઘોડો ભડકે છે.

ખેડૂતને ક્યાં વાંધો હતો એણે ફરીથી કોસ ઉભો રાખ્યો. અવાજ બંધ થયો. તેથી ઘોડો નજીક આવ્યો. પણ કુંડીમાં પાણી ન મળે. ખેડૂતભાઈ ! પાણી કેમ નથી ? ત્યારે ખેડૂત કહે છે કે જુઓ ભાઈ ! જો તમારે પાણી જોઈતું હોય તો અવાજ ચાલુ રહેશે, તો જ પાણી આવશે. માટે તમારે તમારા ઘોડાને પાણી પાવું હોય તો ચાલુ અવાજમાં પંપાળીને હાથ ફેરવીને ગમે તે રીતે પાણી પાઈ લો. પછી ઘોડેસવારે એ રીતે યુક્તિ કરીને ઘોડાને પાણી પાયું.

આ જગતમાં અનેક પ્રકારની વિટંબણાઓ, મુશ્કેલીઓ, સમસ્યાઓ એ બધાં કીચુડ કીચુડ છે, જો એ બંધ થવાની રાહ જોશો તો ઈશ્વરભક્તિ, સત્સંગ સેવા કંઈજ નહી થાય. એ બધું એની રીતે ચાલ્યા કરવાનું, એ બધાં સંસારના કીચુડ કીચુડ સાથે આપણે આપણું કામ કરી લેવાનું. એટલે જ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે કે -

*"कार्यो धर्मस्तु सत्वरम्"*

ધર્મસંબંધી કાર્ય તત્કાળ કરવું. એમાં ઉંમરની પ્રવૃત્તિની કે નિવૃત્તિની કોઈ રાહ ન જોવી. ધૃવજી, પ્રહલાદજી, દાદાખાચર, પર્વતભાઈ, જીણાભાઈ, ભૂજના સુંદરજીભાઈ, કરજીસણના ગોવિંદજીભાઈ, વહેલાલના જેસીંગભાઈ વગેરે ભક્તોએ સંસારમાં રહીને પ્રવૃત્તિમાં રહીને પણ ભગવાન ભજી લીધા છે. એટલે સંસારમાં રહીને પણ સત્સંગ કરી લેવો.

# સત્સંગ સમાચાર

### અમદાવાદ મંદિરમાં શ્રીમદ્ ભાગવત પારાયણ

પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આર્શીવાદાત્મક આજ્ઞાથી તથા પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણાથી ગામ કોઠાના (હાલ અમદાવાદ) પ.ભ. શંકરભાઈ અમથાભાઈ પટેલ તથા તેમના ધર્મપત્નીની જીવનચર્યા નિમિત્તે તેમના પરિવાર તરફથી તા. ૫-૭-૦૪ થી ૧૧-૭-૦૪ પર્યન્ત સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ.ગુ. શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી તથા કો.શા. સ્વામી બ્રહ્મવિહારીદાસજીએ બિરાજીને કથાનો સુંદર લાભ આપ્યો હતો.

તા. ૧૧-૭-૦૪ના દિવસે પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીના શુભ જન્મોત્સવ પ્રસંગે યજમાન પરિવારે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોનું પૂજન-અર્ચન આરતી કરીને આશીર્વાદ મેળવ્યા હતા. સતત સાત દિવસ પર્યન્ત શહેરના ભક્તજનો કથાનો દિવ્ય લાભ લઈ આનંદ પામ્યા હતા. આ પ્રસંગે ભંડારી ધર્મપ્રકાશ સ્વામી, મુક્તજીવન સ્વામી, યજ્ઞપ્રકાશ સ્વામી તથા પાર્ષદ રિસક ભગતે સુંદર સેવા કરીને સૌનો રાજીપો મેળવ્યો હતો. *(કો. સત્યપ્રકાશદાસ)*

### જેતલુપર વાડી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થી સંત-પાર્ષદો દ્વારા સત્સંગ પ્રવૃત્તિ

પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી જેતલપુર ધામ અક્ષરમહોલવાડીમાં શ્રી નરનારાયણદેવ ગાદી સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય (અમદાવાદથી સ્થળાંતર કરીને) વર્ષોથી સંતો અને બ્રાહ્મણ બટુકોને સંસ્કૃતનો ઉચ્ચત્તમ અભ્યાસ સાથે સંસ્કાર અને સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતનું શિક્ષણ આપે છે. બંને દેશના સંતો અને બ્રાહ્મણ બટુકો કોઈપણ જાતના ભેદભાવ વગર અદ્યતન સગવડ સાથે અહીં અભ્યાસ કરવા આવે છે.

આ વરસે સંતોની નીચે મુજબ સંખ્યા છે.

અમદાવાદ ૨૦, વડતાલ ૧૧, ગઢડા ૧, મૂળી ૫, જૂનાગઢ ૧૭, ધોલેરા ૨, બ્રાહ્મણો ૨૨ એમ કુલ ૮૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

આ સંતો પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી નીચે મુજબના ગામોમાં દર મહિને ૧-૨ વાર સત્સંગ કથા વાર્તા કરવા શનિ-રવિના જાય છે. જે ગામો નીચે મુજબ છે.

૧. અસલાલી ૨. ગામડી ૩. નારાયણનગર ૪. વડાલ ૫. મિરોલી ૬. નાળ ૭. વસઈ ૮. સાણંદ ૯. નિધરાડ ૧૦. ગોધાવી ૧૧. મનીપુર ૧૨. જીવરાજપાર્ક ૧૨. મેઘાણીનગર ૧૪. સેટેલાઈટ ૧૫. વાડજ ૧૬. ભાત ૧૭. કાશીન્દ્રા ૧૮. ચલોડા ૧૯. પાલડી (કાંકજ) ૨૦. કલોલી ૨૧. મહિજ ૨૨. પીપળજ ૨૩. નવાગામ ૨૪. મલાતજ ૨૫. બારેજા અને ૨૬. મહીજડા ઉપરોક્ત ગામોમાં સંતોના અલગ અલગ મંડળો દ્વારા સુંદર કથા વાર્તાનો લાભ હરિભક્તોને આપેલ. આવી સુંદર પ્રવૃત્તિ પૂ. પી.પી. સ્વામી અને પૂ. મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર)ની પ્રેરણા માર્ગદર્શનથી અક્ષરમહોલવાડીના સંચાલક શા. સ્વામી હરિઓમપ્રકાશદાસજી અને સંત મંડળ કરી રહ્યા છે. ઉપરોક્ત ગામોના હરિભક્ત આ સભાથી ખૂબજ પ્રભાવિત થયા છે. *(કે.પી. સ્વામી જેતલપુર મહંતશ્રી)*

### વંશપરંપરાત સભ્યોની નામાવલી પ્રકાશીત અંગે

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકની સર્વોપરિ સર્વાવતારી શ્રી નરનારાયણ દેવની અનહદ કૃપા અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ કૃપા અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા આશીર્વાદથી દિન પ્રતિદિન ખૂબજ પ્રગતિ થઈ રહી છે. સભ્યો ઉત્તરોત્તર વધતા રહે છે. જે બતાવે છે કે આપણા આ અંક પ્રત્યે વાચક વર્ગની રૂચિ વધતી જાય છે. તેમાં આપણા અંકના પ્રતિનિધિઓની સેવા પણ નોંધપાત્ર છે. હવેથી આપણા અંકમાં પ્રતિનિધિઓ દ્વારા બનાવેલ અને કાર્યાલયમાં થયેલ **સભ્યોની સંખ્યા પ્રકાશીત કરવામાં આવશે.** નામ પ્રકાશીત કરવામાં નહીં આવે. આપણા કોઈપણ પ્રતિનિધિને પોતાની આ સેવા પ્રવૃત્તિને અન્યને બતાવવાની સહેજે પણ ઈચ્છા નજ હોય તેમને તો દેવ અને દેવના પુત્ર ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો વિશેષને વિશેષ રાજીપો મળે તેજ ઈચ્છા હોય છે.

*- તંત્રીશ્રી*

### અંબાજીમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી

કાંકરિયા મંદિરના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા કોઠારી સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી તા. ૨૪-૭-૦૪ના રોજ અત્રે વિશ્વપ્રસિદ્ધ વિશ્વશક્તિ પીઠ અંબાજી માતાના સાંનિધ્યમાં વિશાળ સત્સંગ સભા તથા કષ્ટભંજનદેવના પાઠનું સુંદર આયોજન હિરાલક્ષ્મી સરસ્વતી સદનમાં અમદાવાદના શેઠ હરિકિશનભાઈ પિતાંબરદાસ ઠક્કર તરફથી કરવામાં આવેલ.

આ પ્રસંગે યજમાનશ્રીના આમંત્રણનો સ્વીકાર કરી અમદાવાદથી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે આશીર્વાદ આપવા પધારેલા. મંદિરના સુંદર પટાંગણમાં બેન્ડવાજા તથા આતશ બાજીની સાથે હજારો ભાવિકો હરિભક્તો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત સામૈયું કરવા દૂર સુદૂરથી આવ્યા હતા. અમદાવાદ મંદિરના મહંત શા.સ્વા. નિર્ગુણદાસજી, જેતલપુરથી પી.પી. સ્વામી, મૂળી મંદિરના મહંત શા.સ્વા. મુકુન્દપ્રસાદદાસજી, છપૈયાના માજી મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ સંતોએ સભામાં સર્વોપરિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ

ભગવાનનું માહાત્મય મૂળ સંપ્રદાયની પરંપરા અને સંપ્રદાયની શ્રીહરિએ સ્થાપન કરેલ બે દેશની ગાદીની પરંપરા ઉપર દ્રષ્ટાંત સાથે શાસ્ત્રોના પ્રમાણ સહિત પોતાની વાકૃશટાથી કથાનો લાભ આપેલ.

અને છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. મંદિરના પૂજારીશ્રીએ અને પ.ભ. હરિકીશનભાઈ એ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી ને આશીર્વાદ મેળવ્યા હતા.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના થાળ અને સંતોના ભોજનની વ્યવસ્થા વાસુદેવ સ્વામી, રાજુ સ્વામી તથા પા. નરોતમ ભગતે કરી હતી. *(રમેશભાઈ દોરડાવાળા)*

**છપૈયાધામે સર્વાવતારી શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૫૩મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અલૌકિક દિવ્ય જન્મ સ્થાન છપૈયા ધામમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી ધર્મદેવ ભક્તિમાતા શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિ દેવોનો ૧૫૩મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા છપૈયા મંદિરના વયોવૃદ્ધ સ.ગુ. બ્ર. ગવૈયા સ્વામી રામકૃષ્ણાનંદજીની પ્રેરણાથી મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજીના માર્ગદર્શનથી જેઠ સુદ-૧૧ તા. ૩૦-૫-૦૪ના પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. બાળ લાલજીશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક વેદવિધિસર રીતે સંપન્ન થયો હતો.

અ.નિ. પ.ભ. શેઠશ્રી શિવલાલભાઈ ચતુરભાઈ ઠક્કરના પુત્ર પ.ભ. બાબુભાઈ ઠક્કર (ઝોલાપુર) પરિવારના યજમાનપદે પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગે અમદાવાદ, જેતલપુર, મૂળી, અલ્હાબાદ, અયોધ્યા, લીંમડી વગેરે ધામોથી સંતો પધાર્યા હતા. પૂ.પી.પી. સ્વામી, શા.સ્વા. હરિકૃષ્ણદાસજી વગેરે સંતોએ સભામાં સર્વોપરિશ્રી ઘનશ્યામ મહારાજનો મહિમા ધર્મકુળ મહિમા કહ્યો હતો.

અત્રે મંદિરના યુવા સંતો બ્ર. શા. હરિસ્વરૂપાનંદજી પૂજારી બ્ર. કૃષ્ણસ્વરૂપાનંદજી, પૂ. બ્ર. અવિનાશાનંદ, બ્ર. સ્વા. પવિત્રાનંદ વગેરે સંતોએ આ પ્રસંગે સુંદર સેવા બજાવી હતી. અહીંયા અધિક માસમાં મહાપૂજા-અભિષેક અન્નકૂટ અને હિંડોળા આદિ ઉત્સવનું સુંદર આયોજન કરી સૌને દર્શનનો સુંદર લાભ આપેલ.

*(કનુભાઈ દવે)*

**શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યામાં પાટોત્સવ એવં પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યામાં સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંતશ્રી) તથા અયોધ્યા મંદિરના યુવા મહંત સ્વા. અક્ષરપ્રકાશદાસજીની પ્રેરણાથી અયોધ્યા મંદિરમાં બિરાજમાન શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની પ્રેરણાથી આશીર્વાદથી મોરબી મંદિરના સાં. બા શ્રી રાજકુંવરબા તથા સાં. ઉષાબા તરફથી ત્રિદિનાત્મક પારાયણ તેમજ શિખરપર ધ્વજદંડ તથા સુવર્ણ કળશ તથા નાના મોટા તમામ કળશની સેવા નિમિત્તે અયોધ્યાના લીલા ચરિત્રની કથા શાસ્ત્રી સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વકતાપદે સુંદર રીતે થઈ હતી. ગોવિંદપ્રસાદદાસજીના શિષ્ય સ.ગુ. સ્વામી ધર્મજીવનદાસજીના શિષ્ય હરિભકતોએ સોનાની સેવા કરી હતી. આ નિમિત્તે અ.નિ.પ.ભ. દામોદરદાસ ગાંડાભાઈ પટેલ (મેતપુર) કું. તથા પટેલ વસંતભાઈ નવિનભાઈ તથા રમેશભાઈ આદિ પટેલ કું. વગેરેએ નાની મોટી સેવા કરી હતી.

આ પ્રસંગે અમદાવાદથી સેવામાં સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી (ધોળકા માજી મહંત) અને અનેક હરિભકતો દર્શનનો લાભ લેવા પધાર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો ત્યારે અનેક યાત્રિકોએ દર્શન કરી જીવન ધન્ય બનાવ્યું હતું. સમસ્ત બહેનોના ગુરુ લક્ષ્મીસ્વરુપ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ ધ્વજદંડ અને કળશની પૂજા કરી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અત્રે ત્રણ દિવસ રોકાઈને હરિભક્તોને અલભ્ય દર્શનનો લાભ આપી અતિ રાજી થયા હતા.

*(મહંત સ્વા. નંદકિશોરદાસ અયોધ્યા)*

**સુમેરપુર (રાજસ્થાન)માં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી**

કાંકરિયાના મહંત સ્વા. ગુરુપ્રસાદદાસજી અને કોઠારી આનંદ સ્વામીની પ્રેરણાથી રાજસ્થાનના સુમેરપુર (જી. પાલી)ના હરિભક્તોના આમંત્રણથી તા. ૩-૭-૦૪ના પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને સત્સંગ સભામાં ભક્તોના ભાવ પૂર્ણ કરી સૌ પર અતિ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. અને યુવક મંડળની સ્થાપના કરી. જયપુર શિબિર પ્રસંગે જતા અત્રે રસ્તામાં આ ગામ પધાર્યા હતા. સાથે વિસનગરથી પ.ભ. ઉદયનભાઈ, રાજુ સ્વામી અને સિધ્ધેશ્વર સ્વામી હતા.

આ પ્રસંગે પ.ભ. બાબુભાઈ પટેલ (વાવોલવાળા)ના નિવાસસ્થાને સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

*(બાબુભાઈ પટેલ સુમેરપુર)*

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સર્વે કાર્યકર્તા - સભ્યો જોગ**

શ્રી નરનારાયણદેવ યુવક મંડળનું મધ્યસ્થ કાર્યાલય શ્રી સ્વામિનારાયણ મંદિર કાળુપુર ખાતે કાર્યરત છે.

સમય : સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાક

ફોન : (૦૭૯) ૨૨૧૬૬૭૬૭.

### હિંમતનગર મંદિરમાં અધિકમાસની ઉજવણી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રેના મહંત શા.સ્વા. આનંદજીવનદાસજીની પ્રેરણાથી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં પવિત્ર અધિક માસમાં તા. ૧૮-૭-૦૪ થી તા. ૧૫-૮-૦૪ પર્યન્ત વર્ષ દરમ્યાન આવતા ઉત્સવો ધામધુમથી ઉજવવામાં આવે છે. હરિભક્તો યજમાન બની દિવ્ય લાભ લઈ રહ્યા છે. હિંમતનગર મંદિરમાં અલૌકિક દિવ્ય ભક્તિમય વાતાવરણ વચ્ચે આવા ઉત્સવના દર્શન ભાવિકો મોટી સંખ્યોમાં કરી રહ્યા છે.

*(સ્વા. ધર્મકિશોરદાસ)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરમાં અધિક માસની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામમાં સર્વોપરિ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના રૂડા સાંનિધ્યમાં અધિક માસમાં છેલ્લા પંદર દિવસ ઉત્સવ ધામધુમથી ઉજવાયેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પાટોત્સવ મહાપૂજા સંપન્ન થઈ હતી. પૂ. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી અને કે.પી. સ્વામીની પ્રેરણાથી અનેક ભાવિક ભક્તોએ યજમાન બની લાભ લીધો હતો.

: ઉજવાયેલ ઉત્સવો :

૧-૮-૦૪ થી ૪-૮-૦૪ શ્રાવણ વદ-૧ થી વદ-૪ હિંડોળા દર્શન. ૫-૮-૦૪ શ્રાવણ વદ-૫ વનવિચરણ. ૬-૮-૦૪ શ્રાવણ વદ-૬ કુંજગલી. ૭-૮-૦૪ શ્રાવણ વદ-૭ શાકોત્સવ. ૮-૮-૦૪ શ્રાવણ વદ-૮ અભિષેક/અન્નકૂટ (પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે). ૯-૮-૦૪ શ્રાવણ વદ-૯ નંદમહોત્સવ. ૧૦-૮-૦૪ થી ૧૨-૮-૦૪ શ્રાવણ વદ-૧૦ થી વદ-૧૨ જેતલપુર લીલા. ૧૩-૮-૦૪ શ્રાવણ વદ-૧૩ શિવરાત્રી પૂજન. ૧૪-૮-૦૪ શ્રાવણ વદ-૧૪ છપૈયા દર્શન. ૧૫-૮-૦૪ શ્રાવણ વદ-૩૦ અન્નકૂટ ગોવર્ધન દર્શન.

*(મહંત સ્વામીશ્રી)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨ ગાંધીનગર ખાતે અધિક શ્રાવણ માસ તથા શ્રાવણ માસ નિમિતે વિવિધ દર્શનોનું આયોજન

શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગર ખાતે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મહંત સ્વામી પ.પૂ.સ.ગુ. ધ્યાની સ્વામીના માર્ગદર્શન હેઠળ, સંતો તથા હરિભક્તોઓ ખૂબજ જહેમત ઉઠાવી અધિક શ્રાવણ માસ તથા શ્રાવણ માસમાં હરિભક્તો તથા ધર્મપ્રેમી જનોને દર્શનાદિકનો લાભ અપાવવા માટે વિવિધ દર્શનોનું આયોજન એક ભવ્ય પ્રદર્શન રૂપે કરેલ છે.

દરરોજ તથા દર્શનોમાં હિમાલય દર્શન, પુલ્હાશ્રમ દર્શન, અમરનાથમાં બરફના શિવલીંગના દર્શન, બાર બારણાના હિંડોળના દર્શન, આંબા ડાળે ઝૂલતા ઘનશ્યામ મહારાજના દર્શન, તેમજ સાત ધામમાં બિરાજમાન મૂર્તિઓના દર્શન જેમાં છપૈયા, અમદાવાદ, ભુજ, ગઢડા, વડતાલ, ધોલેરા તથા જુનાગઢ આદિ ધામોમાં બિરાજમાન દેવોના દર્શનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દરરોજ વિવિધ કલાત્મક હિંડોળાના દર્શન પણ થાય છે.

આ દર્શનનો લાભ તા. ૨૫-૭-૨૦૦૪ થી શરૂ થયેલ છે અને તા. ૩૧-૮-૨૦૦૪ સુધી દર્શન ચાલુ રહેશે. તો સર્વે સત્સંગીઓને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગર તરફથી પાઠવવામાં આવે છે.

### કુકરવાડા મંદિરમાં પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીનો જન્મોત્સવ ઉજવાયો

અત્રે કુકરવાડા મંદિરમાં દરેક નાના મોટા મંદિરની જેમ અહીંયા પણ સર્વે હરિભક્તોએ સાથે મળીને શ્રીહરિના ૮માં વંશજ બાળ સ્વરૂપ પરમ પૂજ્ય શ્રી વ્રજેન્દ્રપસાદજી મહારાજશ્રીનો ૭મો જન્મોત્સવ હર્ષોલ્લાસ અને આનંદ સહ મનાવ્યો હતો. નાના મોટા આબાલ વૃદ્ધ સૌએ સર્વોપરિ શ્રીહરિ પાસે અમારા પૂજ્ય બાળ લાલજી મહારાજ સમગ્ર વિશ્વમાં મૂળ શુદ્ધ સંપ્રદાયની દિવ્ય ધજા લહેરાવે અને કરોડો મુમુક્ષુઓનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના કરી હતી. *(ભક્તિભાઈ પટેલ)*

### આબુ રોડ આશ્રમમાં પધારેલા પ.પૂ. લાલજી મહારાજશ્રી

અત્રે આબુ રોડ પર આવેલા શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ આશ્રમમાં તા. ૩-૭-૦૪ના આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને અત્રે ચાલતા શ્રી વ્રજેન્દ્ર ભુવન તથા સ્કુલનું બાંધકામ જોઈ પ્રસન્ન થયા હતા. આ વરસે શ્રી તેજેન્દ્રપ્રસાદજી પ્રાયમરી વિદ્યા મંદિરનો સરકારની મંજુરી મળ્યા બાદ પ્રારંભ થશે.

આ પ્રસંગે પૂ. મહંત શા.સ્વા. નિર્ગુણદાસજી, પૂ. પી.પી. સ્વામી, મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, કોઠારી આનંદ સ્વામી, હજુરી પા. વનરાજ ભગત સાથે જોડાયા હતા. આબુ રોડના હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રસાદની વ્યવસ્થા આશ્રમમાં પા. નરોત્તમ ભગત અને કિશોર ભગતે કરી હતી. *(નટુભાઈ પટેલ)*


**શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીનાથજીમાં યાત્રિક હરિભક્તો માટે અદ્યતન સગવડ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી રાજસ્થાનના સુપ્રસિદ્ધ શ્રીનાથજીમાં શ્રી નરનારાયણદેવ તાબાનું મંદિર અને દેશ વિદેશના યાત્રિક હરિભક્તો માટે અદ્યતન વાતાનુંકુલિત ઉતારા (એ.સી. રૂમ)ની સુંદર સગવડતા ઉપલબ્ધ છે. આપણા દરેક હરિભક્તોએ શ્રીનાથજીમાં આપણા મદિરમાં જ ઉતરવાનો આગ્રહ રાખવો.

નોંધ : અત્રે આવતા પહેલા ફોનથી રૂમ બુક કરાવવા વિનંતી છે.

મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર ધર્મશાળા, શ્રીનાથજી ફોન (૦૨૯૫૩) ૨૩૧૩૬૩

**મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિર**

અત્રે મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ.ગુ. મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ અહીંની પરંપરાગત ગુરુ પૂર્ણિમા ગુરુ પૂજનનો અતિ મહિમા છે. તે રીતે આપણા સંપ્રદાયના શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગુરુ પૂજનનું આયોજન કર્યું હતું. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની સુંદર પ્રતિમા પધરાવી અક્ષત કુંકુમ વડે વિધિવત પૂજન કરીને સૌને ધર્મવંશી આચાર્ય અને શ્રીહરિના અપર સ્વરૂપનો મહિમા માહાત્મય કહ્યું હતું. આ પ્રસંગમાં અત્રેના ગુજરાતી ભક્તો અને અહીંના ભક્તોએ દર્શન પૂજનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. પૂજારી સ્વામી અને નરેન્દ્ર ભગતે સારી સેવા બજાવી હતી. દરેકને પ્રસાદ જમાડવામાં આવેલ.

*(પૂજારી સર્વેશ્વરદાસ)*

**ડુમાણામાં (તા. વિરમગામ) સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી અત્રે તા. ૭-૬-૦૪ના રોજ આ પ્રસાદીના ગામમાં જેતલપુરથી પૂજ્ય પી.પી. સ્વામી સંત મંડળ સાથે પધારેલા. સાથે બાપૂશ્રી નરહરિ સ્વામી પણ પધારેલા સતત ૩ કલાક સર્વોપરિ ભગવાન શ્રીહરિના સુંદર દિવ્ય લીલા ચરિત્રોનું કથામૃતપાન સંપ્રદાયના આવા વિદ્વાન સંતના મુખથી સાંભળીને હજારો હરિભક્તો ભાવ વિભોર થઈ ધન્ય ધન્ય બન્યા હતા. શ્રીજી મહારાજના પ્રસાદીના ગામમાં સુંદર ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું. આ પ્રસંગે કાલીયાણાના પ.ભ. ડાહ્યાભાઈ બૂટીયા, પ.ભ. ભીખુભાઈ મુખી અને આગેવાન હરિભક્તો તેમજ અહીંના દેવુભાઈ ચાવડા, વરસંગભાઈ બારડ અને શ્રી નથુભાઈ પટેલ આદિ હરિભક્તો સેવામાં અગ્રેસર હતા. *(ડાહ્યાભાઈ બૂટિયા)*

**કાલીયાણામાં સત્સંગ સભા**

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૩-૬-૦૪ના રોજ જેતલપુરથી શાસ્ત્રી સ્વામી ઈશ્વરજીવનદાસજી ગુરુ પી.પી. સ્વામી (ધરિયાવદ મહંત)એ સુંદર કથાનો લાભ આપેલ અને દેવપોઢી એકાદશીના રોજ ૧૨ કલાકની અખંડ ધૂન રાખેલ. આ પ્રસંગે પ.ભ. ડાહ્યાભાઈ બૂટીયા, પ.ભ. ભીખુભાઈ મુખી, કોઠારીશ્રી અને પ.ભ. હિરાભાઈ ભગવાનભાઈ અને ગામના સમસ્ત હરિભક્તોએ લાભ લીધો હતો.

*(પ્રકાશભાઈ મોરી)*

**થોબાઉ ગામમાં (વાલી પ્રદેશ રાજસ્થાન) પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થોબાઉ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજ ની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રીમદ્ ભાગવત પારાયણ તથા મહાવિષ્ણુ યાગની પૂર્ણાહુતિ કરવામાં આવેલ. શ્રીમદ્ ભાગવતના વક્તા પદે શા.સ્વામી ચંદ્રપ્રકાશદાસજી (બિલીયા)એ બિરાજીને હરિભક્તોને કથાનું અમૃત તુલ્ય વાણીથી રસપાન કરાવ્યુ હતું. આ મહોત્સવનું આયોજન બિલીયા મંદિરના મહંત સ્વામી ઘનશ્યામ સ્વામી અને વાલી મંદિરના મહંત સ્વામી નિર્મળદાસજીએ કર્યું હતું. અને આ પ્રસંગે જેલાતરાના હરિભક્તોએ રસોડાની સેવા, બીજા ગામના હરિભક્તો દાંતીવાસ, નિમ્બાઉ, વાલી, જોધાવા, દેવડા આદિ ગામના હરિભક્તોએ આ મહોત્સવમાં સેવા આપી તેથી તેમના પણ આ થોબાઉ ગામ હર હમેંશને માટે આભારી છે.અમદાવાદના મહંત શા. સ્વામીશ્રી નિર્ગુણદાસજી, નારાયણપુરા મંદિરના મહંત શા.સ્વામી શ્રી પ્રેમસ્વરુપદાસજીએ પ્રવચનમા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં રહીને સત્સંગમા રહેશો તો પતિવ્રતા એટલે કે જે પતિવ્રતા સ્ત્રી જેમ પોતાના પતિની આજ્ઞામાં રહે એ પતિવ્રતા. એમ આજ્ઞામાં રહીને શિક્ષાપત્રીનું પાલન કરવું. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે આચાર્ય મહારાજશ્રીને ગાદી સોંપીને આપણા સૌના ધર્મગુરુ સ્થાપ્યા છે. તે સારુ આપણા વાલી પ્રદેશમાં ધર્મગુરુ વગરના ઘણા સંતો ભગવા વેષધારી આવીને પ્રચાર કરે છે. તો વાલી પ્રદેશના સંતો તેમજ હરિભક્તો સાવધાન થઈ રહજો. છેલ્લે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપીને સૌએ શિક્ષાપત્રીની આજ્ઞામાં રહીને સત્સંગ કરવો અને સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખવા આજ્ઞા કરી હતી. અને થોબાઉ ગામના ભક્તો પર ખૂબજ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા હતા.

*(એચ. આર. સુથાર)*

**શ્રી નરનારાયણદેવ ગાદી સંચાલિત શ્રી એચ.ડી. ગાર્ડા સહજાનંદ હાઈસ્કુલ ઝીલવાણા**

પાટણ જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ ઝિલવાણામાં શ્રી નરનારાયણદેવ ગાદી સંચાલિત ગુરુકુલ-સ્કુલ ઘણા વરસોથી શિક્ષણમાં ખૂબજ પછાત વિસ્તારમાં મીઠી વીરડી સમાન સંસ્કાર અને શિક્ષણનું એક સુંદર ઉદાહરણ પુરૂ પાડે છે.

આ વરસે ધો. ૮ અને ૯ નું ૧૦૦ ટકા પરિણામ અને ધો. ૧૦નું ૯૦ ટકા પરિણામ આવ્યું છે. શ્રી તેજેન્દ્રપ્રસાદજી ઉ.મા. શાળા ૧૧ની મંજુરી મળી ગઈ છે. જેથી સ્કુલ અને છાત્રાલયમાં પ્રવેશ ચાલુ છે.

*(- આચાર્યશ્રી ઝીલવાણા)*

**સાભાર સ્વીકાર**

ગુજરાત કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવેલા વિનાશક ભૂકંપ સમયે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતોએ ગામોગામ ભૂકંપ પીડિતોની વહારે જઈ તેમને જરૂરીયાત મુજબ મદદ કરી સાંત્વન અને આશીર્વાદ આપ્યા હતા. અનેક શાળા સ્કુલો-ગામો અને મંદિરોનું પુનઃ નિર્માણ પણ કરવામાં આવેલ. આ દરેક પ્રવૃત્તિને પુસ્તકના રૂપમાં ભુજ (કચ્છ)ના આપણા પ.ભ. પ્રો. સૂર્યકાન્તભાઈ ભાઈલાલભાઈ ભટ્ટ સાહેબે **ભૂકંપ ગ્રસ્તોની વહારે "આચાર્ય મહારાજશ્રી તથા સંત વર્યો"** આ નામનું પુસ્તક પ્રકાશીત કર્યું છે. જેની કોઈ કિંમત રાખવામાં આવી નથી. સ્વયં લેખકશ્રીએ પોતાના સ્વખર્ચે તૈયાર કર્યું છે. જે સાભાર સ્વીકારવામાં આવે છે.

### શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષે લેવામાં આવેલ પરીક્ષાનું પરિણામ

શ્રી નરનારાયણદેવ શિક્ષણ વિભાગ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની સીધી પ્રેરણા માર્ગ દર્શનથી ઘણા વરસોથી ચાલે છે. ગત ૨૦૦૩ના વર્ષમાં લેવાયેલ પરીક્ષાનું પરિણામ નીચે મુજબ આવેલ છે. કુલ ૨૮ કેન્દ્રોમાં ૨૦૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ.

બાળ સત્સંગ : (૧) નિધિબેન ઘનશ્યામભાઈ મેઘાણીનગર ૧૦૦% (૨) ઉર્મિબેન વિનય ભટ્ટ સહજાનંદ વિદ્યાલય ૯૯% (૩) મયંકકુમાર રાજુભાઈ કોટેશ્વર ગુરુકુળ ૯૮% (૫) ચોવટીયા પ્રશાંત એ. અસારવા ગુરુકુળ ૯૭% (૫) ગજજર સંકેત પ્રવિણભાઈ ડાંગરવા ૯૫%.

કિશોર સત્સંગ : (૧) પરેશકુમાર વિષ્ણુભાઈ પટેલ અસારવા ગુરુકુલ ૧૦૦% (૨) સાપીશ લાલજીભાઈ કોટેશ્વર ગુરુકુળ ૯૯% (૩) કપિનકુમાર મધુભાઈ અસારવા ગુરુકુલ ૯૯% (૪) ઉમેશકુમાર અનીલભાઈ અસારવા ગુરુકુલ ૯૭% (૫) આકાશ અરવિંદભાઈ અસારવા ગુરુકુળ ૯૭%.

સત્સંગ પરિચય-૩ : (૧) ધ્રુમલ દિનેશભાઈ અસારવા ગુરુકુળ ૧૦૦% (૨) શશાંક રમેશભાઈ અસારવા ગુકુકુળ ૯૯% (૩) વિશાલ વાલજીભાઈ અસારવા ગુકુકુળ ૯૮% (૪) પ્રકાશ હરિભાઈ અસારવા ગુકુકુળ ૯૮% (૫) જયદિપ ભાવજી ડાભી ડાંગરવા ૯૭%.

સત્સંગ પ્રવિણ વચનામૃત સૂત્રો : (૧) નિકુંજ એન. પટેલ ઝુંડાલ ૧૦૦% (૨) રેખાબેન હિંમતસિંહ ડાભી ડાંગરવા ૯૫% (૩) પટેલ નવનીત જયંતીભાઈ હર્ષદ મંદિર ૯૨% (૪) કુંતલબેન ગોવિંદભાઈ ડાંગરવા ૯૦% (૫) ખીચડીયા મહેન્દ્રભાઈ વલ્લભભાઈ હર્ષદ મંદિર ૮૯%.

સત્સંગ વચનામૃત સૂત્રો-૫ : (૧) મંજુલાબેન રણજીતસિંહ ડાભી ડાંગરવા ૮૭% (૨) રાકેશકુમાર ભરતસિંહ ડાભી ડાંગરવા ૮૩% (૩) સંજયકુમાર ભાનુસિંહ ડાભી ડાંગરવા ૮૧%.

કુલ ૨૦૧૫માંથી ૧૭૬૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. કુલ પરિણામ ૯૬.૧૪% આવેલ છે. આગામી **ધાર્મિક પરીક્ષા તા. ૧૯-૧૨-૨૦૦૪ના રવિવારે લેવામાં આવશે. દરેક કેન્દ્ર સંચાલકોએ પોતાના કેન્દ્રનું લીસ્ટ આપીને ફોર્મ મેળવીને અત્રે ભરીને મોકલી આપવા.**

સંચાલકશ્રી
શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

### મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

#### લીંબડી મંદિર

અત્રે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ગુરુપૂર્ણિમાના શુભ દિને પૂજન-અર્ચન કરી સંત હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો. મહંત સ્વામી ભક્તવત્સલદાસે ધર્મકુળ માહાત્મય અને ગુરુ પૂજનનો મહિમા જણાવ્યો હતો. સી.સી. પટેલે સભાનું સંચાલન કર્યું હતું.

*(શ્રીસ્વા.મં. લીંબડી)*

#### શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ધ્રાંગધ્રા

શ્રીહરિના અપર સ્વરૂપ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું અત્રે ગુરુ પૂર્ણિમા પ્રસંગે ૪૦૦૦ ઉપરાંત હરિભક્તોએ અબીલ-ગુલાલ કુકુંમ અને અક્ષત વડે પ્રતિમાનું પૂજન અર્ચન કરી દર્શન કર્યા હતા.

આ પ્રસંગે સ.ગુ.સ્વા. રામકૃષ્ણદાસે આપણા ધર્મગુરુ એજ સમસ્ત સંપ્રદાયના ગુરુ છે. એમ ધર્મકુળ મહિમા સાથે ગુરુ મહિમા સમજાવ્યો હતો. અત્રે સંતમંડળ યુ.કે.ના ધર્મપ્રવાસે જતા હોવાથી સૌ ભક્તોએ શુભ કામના પાઠવી હતી.

*(ઘનશ્યામભાઈ સોલંકી)*

### વિદેશ સત્સંગ સમાચાર

#### સીડની (I.S.S.O. ઓસ્ટ્રેલીયા)

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રે સત્સંગ પ્રવૃત્તિ અને મંદિર નિર્માણનું કામ સુંદર રીતે ચાલે છે. એપ્રિલ, મે અને જૂન માસમાં થયેલ સત્સંગ સભાઓ.

તા. ૪-૪-૦૪ સર્વોપરિ શ્રીહરિનો પ્રાકટ્યોત્સવ, અન્નકૂટ આરતી અને સત્સંગ ભજન, કીર્તન આદિ હરિભક્તોએ મોટી સંખ્યામાં જોડાઈને લાભ લીધો હતો. તા. ૧૮-૪-૦૪ શ્રી મિહિરભાઈ ઠક્કર, તા. ૨-૫-૦૪ પ.ભ. દીલિપભાઈ દરજી, તા. ૧૬-૫-૦૪ પ.ભ. ખીમજીભાઈ તથા પ.ભ. કિરણભાઈ અમીન, તા. ૩૦-૫-૦૪ I.S.S.O. સત્સંગ, તા. ૧૩-૬-૦૪ I.S.S.O. સત્સંગ, તા. ૨૭-૬-૦૪ I.S.S.O. સમસ્ત સત્સંગ મંડળ.

દરેક સભામાં હરિભક્તો મોટી સંખ્યામાં પધારીને કથાવાર્તા કીર્તન ભક્તિ અને નિત્ય નિયમ થાળ આરતી કરીને સુંદર લાભ મેળવ્યો હતો. તા. ૧૧-૭-૦૪ની સભા પ.ભ. મહેશભાઈ ત્રિવેદી તરફથી રાખવામાં આવેલ છે. દરેક સભામાં શ્રી મહેશભાઈ ત્રિવેદી અડધો કલાક ગીતાપાઠ કરે છે. અને સાથે સમજણ પણ આપે છે. આપણા અત્રેના મંદિરના સિંહાસનનું કામ સુંદર રીતે પૂર્ણ થયુ છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ ખૂબજ વધી રહ્યો છે.

*(જીગર દરજી)*

#### નુવી મેરીલેન્ડ (I.S.S.O. વોશિંગ્ટન ચેપ્ટર)

અહીં ૩-૭-૦૪ના રોજ શનિવારના સાંજના ૩ કલાક સત્સંગ સભા નિયમિત રૂપે સંપન્ન થઈ હતી. જેમાં કથાવાર્તા, કીર્તન ભક્તિ, શાસ્ત્રોનું વાચન, નિત્ય નિયમ, થાળ-આરતી સમૂહમાં કરવામાં આવેલ. હરિભક્તોએ મોટી સંખ્યામાં સભામાં પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતી જાય છે. *(કનુભાઈ પટેલ)*

# શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

| | | |
|---|---|---|
| ૧૦૦-૦૦ | પ.ભ. નારણભાઈ પી. ટાંક પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે | રાજકોટ |
| ૧૦૧-૦૦ | પ.ભ. હેતલબેન સંદિપકુમાર પટેલ લંડનના વીઝા મળ્યા તે નિમિત્તે | વાકડી |
| ૧૦૦-૦૦ | પ.ભ. મહાદેવભાઈ એમ. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. મંજુલાબેન તથા રાજુભાઈના જન્મદિવસ નિમિત્તે | નવા વાડજ |
| ૧૦૧-૦૦ | પ.ભ. વર્ષાબેન રમેશચંદ્ર ભાવસાર વી.સી.ડી. ઈનામમાં લાગ્યું તે નિમિત્તે | ચાંદલોડીયા |
| ૧૫૦-૦૦ | પ.ભ. વિરેન અમૃતલાલ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ઘનશ્યામભાઈ તથા પ્રતિમાબેનને યુ.એસ.એ.ના વીઝા મળ્યા તે નિમિત્તે | કણભા |
| ૧૦૧-૦૦ | પ.ભ. પ્રવિણભાઈ ટી. પટેલ વડુવાળા (શ્રધ્ધા કેસેટ કું.) ચિ. દર્શનની ૧૧મી વર્ષગાંઠ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. મોહનલાલ મણીલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | કાલુપુર |
| ૧૫૧-૦૦ | પ.ભ. લાભુભાઈ વી. પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | બળોલવાળા |
| ૧૦૧-૦૦ | પ.ભ. એકતા ગૌરાંગ અમીનને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | પિટસબર્ગ (યુ.એસ.એ.) |
| ૧૦૧-૦૦ | પ.ભ. વિક્રમસિંહ છનુભા વાઘેલા નવો ફોન આવ્યો તે નિમિત્તે | ધીંગડાવાળા |
| ૧૦૧-૦૦ | પ.ભ. વિપિનકુમાર એસ. પટેલ ચિ. માનસી ધો-૫માં ૮૫ ટકાથી ઉતિર્ણ થઈ તે નિમિત્તે | વહેલાલ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ચિમનલાલ મણીલાલ કાછીયા પૂલ્હાશ્રમની યાત્રા સફળ થઈ તે નિમિત્તે | મલાડ-મુંબઈ |
| ૧૦૧-૦૦ | પ.ભ. નિમિષભાઈ વસંતભાઈ પટેલ (ઊંઝાવાળા) પુત્ર જન્મ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ | પ.ભ. પટેલ મીતાબેન આર. શ્રીજી પ્રસન્નાર્થે | ધનસુરા |
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ વિઠ્ઠલભાઈ જેઠાલાલ નવુ બાઈક ખરીદ્યું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ગૌતમકુમાર પ્રહલાદભાઈ મોદી ચિ. મિતની બાબરી ઉતરાવી તે નિમિત્તે | સાબરમતી |
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ રણછોડભાઈ દેવજીભાઈ ચિ. દિવાકરની સગાઈ નક્કી થઈ તે નિમિત્તે | અમદાવાદ |
| ૨૫૦-૦૦ | પ.ભ. જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે હા. શ્રીહરિકૃષ્ણભાઈ | અમદાવાદ |
| ૨૦૧-૦૦ | પ.ભ. દરજી ભારતીબેન રતીલાલના પુત્ર પાવન રતીલાલને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ધીરજલાલ નેણસીભાઈ ઠક્કર પુત્ર જન્મ પ્રસંગે (શ્રીહરિ પ્રોવીઝન સ્ટોર્સ) | |
| ૧૦૧-૦૦ | પ.ભ. ઠાકોરભાઈ કાશીભાઈ અમીન મકાન વેચ્યું તે નિમિત્તે | અમદાવાદ-ચલોડા |
| ૧૦૧-૦૦ | પ.ભ. સતીષચંદ્ર રમણલાલ પટેલની પૂણ્યતિથિ નિમિત્તે | હાંસોલ-અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. કેતનકુમાર બાબુલાલ પટેલ શ્રેયાના જન્મદિન નિમિત્તે | નરોડા-અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ સંજયભાઈ ગોવિંદભાઈ કોલેજમાં લેકચરની નોકરી મળી તથા પહેલા પગાર નિમિત્તે | મેઘાણીનગર |
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ સમીરકુમાર કનુભાઈ ટી.વાય.બી.કોમમાં ફસ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ચોટલીયા પરેશભાઈ પરસોત્તમદાસ નવું હોન્ડા બાઈક લીધુ તે નિમિત્તે | સુરત (જીરાગઢવાળા) |
| ૧૦૧-૦૦ | પ.ભ. રમણીકભાઈ કાનજીભાઈ ચૌહાણ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે | નવસારી |
| ૧૦૦-૦૦ | પ.ભ. ભંગવાનજી માવજીભાઈ વેગડ ચિ. રીના ધો.૮માં પ્રથમ નંબરે પાસ થઈ તે નિમિત્તે | નવસારી |
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ ઈશ્વરભાઈ જેઠાલાલ નવુ બાઈક લાવ્યા તે નિમિત્તે | રનેલા |
| ૧૦૦-૦૦ | પ.ભ. વાઘેલા આનંદબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૧-૦૦ | પ.ભ. નારણભાઈ રણછોડભાઈ પટેલ રાણીપમાં નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે | ડાંગરવા |
| ૧૦૧-૦૦ | પ.ભ. જીતેન્દ્રભાઈ જયંતીભાઈ પટેલ નવુ ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે | ટ્રેન્ટ |
| ૧૦૧-૦૦ | પ.ભ. વિનયકાન્ત નટવરલાલ ઠક્કર ચિ. શ્રધ્ધાને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. હર્ષિલકુમાર રાજેશભાઈ પટેલ તા. ૧૯-૫-૦૪ના રોજ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે | લસુન્દ્રા |
| ૧૦૧-૦૦ | પ.ભ. બાબુભાઈ ઝીણાભાઈ ટાંક, શ્રીજી પ્રસન્નાર્થે | મીરા રોડ (મુંબઈ) |
| ૧૦૧-૦૦ | પ.ભ. સુનીલકુમાર ગોવિંદભાઈ ચૌધરી સુનીલના લગ્ન પ્રસંગે | દોલારાણા વાસણા |
| ૧૦૧-૦૦ | પ.ભ. દામજીભાઈ લાલજીભાઈ મનાણી તા. ૩-૬-૦૪ના લગ્ન તિથિ નિમિત્તે | મુલુન્ડ (જીરાગઢવાળા) |
| ૧૫૧-૦૦ | પ.ભ. રમેશભાઈ રૂઘનાથભાઈ પટેલ તેમના પિતાશ્રીના સ્મરણાર્થે | મહારાજપુરા |
| ૧૫૧-૦૦ | પ.ભ. નાથાભાઈ દેવચંદ પટેલ ચિ. બિનલના લગ્ન પ્રસંગે | સાચોદર |
| ૧૫૧-૦૦ | ચૌધરી દશરથભાઈ તથા આશાબેનના લગ્ન નિમિત્તે | ગુનમા-માણસા |
| ૧૦૦-૦૦ | ઘનશ્યામ ડેરી એન્ડ જનરલ સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે | માધવગઢ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ભાવસાર હસમુખભાઈ લક્ષ્મીચંદ ચિ. હાર્દિક ધો.-૧૨ કોર્મસમાં પાસ થયા તે નિમિત્તે | કલોલ |
| ૧૦૧-૦૦ | પ.ભ. લક્ષ્મણભાઈ કુબેરભાઈ બુટીયા નીમુબેનને ઝીયાણું કર્યું તે નિમિત્તે | કાલીયાણા |
| ૧૦૧-૦૦ | પ.ભ. જયવદન ડાહ્યાભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |

| | | |
|---|---|---|
| ૧૫૧-૦૦ | પ.ભ. શૈલેષભાઈ ગોવિંદભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે | કુહા |
| ૧૦૦-૦૦ | પ.ભ. પટેલ રસિકલાલ પ્રહલાદદાસ ચિ. અલ્પેશના લગ્ન પ્રસંગે | કોઠ |
| ૧૦૦-૦૦ | પ.ભ. અલ્પેશકુમાર રસિકલાલ પટેલ પરિવારને અમેરિકાના વીઝા મળ્યા તે નિમિત્તે | કોઠાવાળા |
| ૧૦૧-૦૦ | વિવેકકુમાર કાંતિલાલ પટેલ નવુ સ્કુટી ખરીદ્યું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ શુકલના ચિ. શ્રીમતી અમી જયસિંહા તા. ૨૫-૫-૨૦૦૪ના સ્મરણાર્થે | |
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ જેઠાલાલ લાલદાસ છોકરાઓ પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે | ડાંગરવા |
| ૧૦૧-૦૦ | પ.ભ. અરવિંદકુમાર અંબાલાલ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે | પીલવાઈ |
| ૧૦૧-૦૦ | પ.ભ. જયાબેન જશવંતલાલ મહેતા તેમના પૌત્રને નિરમામાં એડમીશન મલ્યુ તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. હેમંત વાસુદેવભાઈ જોષી ચિ. પૂજા ધો.-૧૦માં ૮૩% એ પાસ થઈ તે નિમિત્તે | (કોઠંબાવાળા) અમદાવાદ |
| ૧૦૧-૦૦ | સિંધવ હિતેશ જેશંગભાઈ ધો.-૧૦માં ૭૯% માકર્સ મેળવીને પાસ થયા તે નિમિત્તે | બળોલ-ભાલ |
| ૧૦૧-૦૦ | હર્ષિત દવેને અમેરિકાના વીઝા મળ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ભગવાનજી ધનજી ટાંક ચિ. ભાવેશના લગ્ન પ્રસંગે | બોડકા |
| ૧૦૧-૦૦ | પ.ભ. શાંતિલાલ મોહનલાલ ટાંક, ચિ. નીલા અને ચિ. શોભનાના લગ્ન નિમિત્તે | જીરાગઢ |
| ૧૦૧-૦૦ | પ.ભ. શશાંક રિકેશભાઈ પરમાર તા. ૨-૬-૨૦૦૪ના રોજ જન્મ દિવસ નિમિત્તે | નવા વાડજ |
| ૧૦૧-૦૦ | સિંધવ દિલીપસિંહ અમરસિંહના શુભલગ્ન પ્રસંગે | બળોલવાળા |
| ૧૦૧-૦૦ | પ.ભ. ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે | મલાડ-મુંબઈ |
| ૧૦૧-૦૦ | પ.ભ. અરવિંદભાઈ હીરાભાઈ અમીનને બેંકમાં પ્રમોશન મળ્યું તે નિત્તિમે | દહેગામ |
| ૧૦૧-૦૦ | પ.ભ. દિપેનભાઈ વિક્રમભાઈ ઈશ્વરભાઈ પટેલને યુ.એસ.એ.ના વીઝા મળ્યા તે નિમિત્તે | અસલાલી |
| ૧૦૧-૦૦ | પ.ભ. હેમલ નવિનચંદ્ર ઠક્કર ટી.વાય.બી.કોમ. પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | પ.ભ.અ.નિ. નાથુસીંગ મગનસીંગ અને જીવુબા નાથુસીંગના સ્મરણાર્થે | માણેકપુરા |
| ૧૦૧-૦૦ | પ.ભ. સોની ઈન્દ્રવદન પોપટલાલ શ્રીજી પ્રસન્નાર્થે | સાણંદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. સોની ધર્મેન્દ્ર અંબાલાલ છોકરાઓને નવી સ્કુલમાં એડમીશન લીધા તે નિમિત્તે | સાણંદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. નિર્મળાબેન મનસુખલાલ ડાભી શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ભાવસાર ઘનશ્યામભાઈ અમૃતલાલ નવુ કોમ્પ્યુટર ખરીદ્યું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ભાવસાર જીતેન્દ્રકુમાર શાંતિલાલ પુત્ર સૂચિત એપ્રેન્ટીસમાં દાખલ થયો તે નિમિત્તે | ચાંદલોડીયા |
| ૧૦૧-૦૦ | ગ્રીષ્માબેન હરિશભાઈ પટેલ ધો.-૧૦માં ૮૨% ટકાએ પાસ થયા તે નિમિત્તે | કનીપુર |
| ૧૦૧-૦૦ | પ.ભ. રમણલાલ અમૃતલાલ મોદી નવુ મકાન લીધું તે નિમિત્તે | હિંમતનગર |
| ૧૦૧-૦૦ | પ.ભ. ઉકાણી રાજેશ છગનભાઈ નવું બાઈક લીધુ તે નિમિત્તે | |
| ૨૫૨૫-૦૦ | પ.ભ. લાભુભાઈ વાલજીભાઈ ગણેશભાઈ પરમાર.પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને શ્રી નરનારાયણદેવની કૃપાથી જેલર વર્ગ-૨માં બઢતી મળી તે નિમિત્તે | બળોલવાંળા-જુનાગઢ |
| ૧૦૧-૦૦ | કાછીયા સુશીલ ગોવિંદભાઈ ટી.વાય.બી.કોમ.માં પાસ થયા તે નિમિત્તે | બાલાસિનોર |
| ૧૦૧-૦૦ | ઘનશ્યામભાઈ માવજીભાઈ ધો.-૧૦માં પાસ થયા તે નિમિત્તે | ઘૂડકોટ |
| ૧૦૧-૦૦ | પ.ભ. મનસુખભાઈ તુલસીભાઈ સાપરીયા ચિ. ભાવેશના જન્મદિવસ નિમિત્તે | સુરત |
| ૧૦૧-૦૦ | અલ્પેશકુમાર શાંતિભાઈ પરમાર ધો.-૧૦માં પાસ થયા તે નિમિત્તે | બળોલ-ભાલ |
| ૧૦૧-૦૦ | સોનલબેન શાંતિભાઈ પરમાર ધો.-૧૨માં પાસ થયા તે નિમિત્તે | બળોલ-ભાલ |
| ૧૦૧-૦૦ | પ.ભ. નાનાલાલ પોપટલાલ વરૂ નવુ હોન્ડા લીધું તે નિમિત્તે | સુરત |
| ૧૦૧-૦૦ | પ.ભ. કાછીયા પટેલ નટવરલાલ રમણલાલ રાજુભાઈના ચિ. કૌશલના ચૌલ સંસ્કાર તથા વર્ષગાંઠ નિમિત્તે | કપડવંજ |
| ૧૦૧-૦૦ | વિશાંત જયેન્દ્રભાઈ સુતરીયાના જન્મદિન નિમિત્તે | બાલાસિનોર |
| ૧૦૫-૦૦ | પ.ભ. પટેલ રમણભાઈ રણછોડદાસ ચિ. પુષ્પાબેનને ત્યાં ભાણાના જન્મ પ્રસંગે | ડાંગરવા |
| ૧૦૧-૦૦ | પ.ભ. કાંતિલાલ ચિમનલાલ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે | ધમાસણા |
| ૧૦૧-૦૦ | પ.ભ. વાઘેલા આનંદબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૧-૦૦ | પ.ભ. પ્રવિણભાઈ ટી. પટેલ (શ્રધ્ધા કેસેટ કું.) ગુરુ પૂર્ણિમા પ્રસંગે ગુરુપુજન નિમિત્તે (વડુવાળા) | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. પ્રવિણચંદ્ર કેશવલાલ શાહ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ગુરુપૂજન ગુરુ પૂર્ણિમા પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ભરતભાઈ પટેલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ગુરુપૂજન ગુરુ પૂર્ણિમા પ્રસંગે | |
| ૧૦૧-૦૦ | પ.ભ. ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ ડાભી તેમના માતુશ્રી ચંદનબાના અક્ષરવાસ નિમિત્તે | ડાંગરવા |
| ૩૦૧-૦૦ | પ.ભ. વાલજી મુળજી રાઠોડ ચિ. હિતેશ ધો.-૧૨માં પાસ થઈ એડમીશન મળ્યુ તે નિમિત્તે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | પ.ભ. રમાબેન અને રીટાબેન ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મીરારોડ |
| ૧૦૧-૦૦ | પ.ભ. વિક્રમભાઈ દેવીસિંહ વાઘેલા નવું મકાન બનાવ્યું અને તેમાં રહેવા ગયા તે નિમિત્તે | ગોધાવી |

| | | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ ચિમનલાલ નારાયણદાસ પાંચોટીયા ડૉ. સુરેશભાઈ ચાઈલ્ડ સ્પેશ્યાલીસ્ટ થયા તે નિમિત્તે | ઊંઝા |
| ૧૦૧-૦૦ | પ.ભ. ભાવસાર મયુરકુમાર જશવંતલાલ નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. નલીન બી. ચૌહાણ જન્મદિન નિમિત્તે | જામનગર |
| ૧૦૧-૦૦ | વિરેન્દ્ર દયાળજી કુંવરજી ટાંક કોમ્પ્યુટર એન્જી.માં પાસ થયા તથા નોકરી મળી તે નિમિત્તે | જીરાગઢ |
| ૧૦૧-૦૦ | પ.ભ. અંકિત બિપિનભાઈ ટાંક પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ગુરુ પૂજન નિમિત્તે | (રોહીશાળાવાળા) મુંબઈ |
| ૧૦૧-૦૦ | પ.ભ. મોરી ભીખાભાઈ કનુભાઈ નવુ મકાન તથા બોર બનાવ્યો તે નિમિત્તે | ડેડીયાસણ |
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ સુરેશભાઈ શિવરામદાસ ચિ. રવિકુમાર ધો.-૧૦માં પ્રવેશ મેળવ્યો તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. મનસુખભાઈ કુવરજીભાઈ ટાંક નવો ફ્લેટ લીધો તે નિમિત્તે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | પ.ભ. છગનલાલ રવજીભાઈ સાપરીયા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું ગુરુ પૂર્ણિમાના પૂજન પ્રસંગે | વલસાડ |
| ૧૦૧-૦૦ | પ.ભ. જયંતિલાલ રમણલાલ વેગડ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ગુરુ પૂર્ણિમાના પૂજન પ્રસંગે | વલસાડ |
| ૧૫૧-૦૦ | પ.ભ. પટેલ રાજેન્દ્રકુમાર લાલભાઈ નવી દુકાન લીધી તે નિમિત્તે | સાબરમતી-અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. ભરતકુમાર ખેંગારભાઈ જાદવ, ધો.-૧૨માં ૬૬%એ પાસ થયા તે નિમિત્તે | માલણપુર |
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ શૈલેશભાઈ શકરાભાઈ મકાનનું બાંધકામ કર્યું તે નિમિત્તે | ધનસુરા |
| ૧૦૧-૦૦ | પ.ભ. કંચનબેન બટુકભાઈ દલીચંદ ચારધામ યાત્રા સફળ રહી તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૧૧-૦૦ | પ.ભ. રમેશચંદ્ર મનસુખલાલ સોની સરકારી સેવામાંથી નિવૃત થયા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | પ.ભ. પટેલ ચેતનકુમાર ભગાભાઈ એમ.એસ.સી. પાર્ટ-૨માં પાસ થયા તે નિમિત્તે | આનંદપુરા |

## શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ જેઠ માસ તથા અષાઢ માસની યાદી

**જેઠ સુદી-૧** પ.ભ. જીગ્નેશભાઈ ભદ્રેશભાઈ ભગત, સુરત. **જેઠ સુદી-૨** પ.ભ. ગંગારામભાઈ સોમદાસ પટેલ, વડુવાળા. **જેઠ સુદી-૩** પ.ભ. નેહાબેન શૈલેષભાઈ પંચાલ, અમેરિકા. **જેઠ સુદી-૫** પ.ભ. વિકાસ હર્ષદભાઈ પટેલ, લંડન. પ.ભ. કાનજીભાઈ ખીમજીભાઈ જેસાણી. **જેઠ સુદી-૬** પ.ભ. વાલીબેન મોરારજીભાઈ. **જેઠ સુદી-૭** પ.ભ. અરજણ પ્રેમજી રાબડીયા, માંડવી-કચ્છ. વડતાલના પુ.શા. ધર્મજીવનદાસજી. **જેઠ સુદી-૮** પ.ભ. વિરમભાઈ ગોબરભાઈ પટેલ, ડેમાઈ. **જેઠ સુદી-૧૦** પ.ભ. વરજાંગજી સોનાજી માળી. **જેઠ સુદી-૧૨** પ.ભ. રતીભાઈ પુરૂષોત્તમભાઈ પટેલ. **જેઠ સુદી-૧૪** પ.ભ. સા.યો. વાલબાઈ રવજીભાઈ, સુરજપુર-કચ્છ. **જેઠ સુદી-૧૫** પ.ભ. વાસુદેવભાઈ ગજજર, અમદાવાદ.

**જેઠ વદી-૨** શ્રી સહજાનંદ ટ્રાવેલ્સ (હ. રવજીભાઈ), અમદાવાદ. **જેઠ વદી-૩** પ.ભ. માવજીભાઈ ધુળાભાઈ પટેલ. **જેઠ વદી-૪** પ.ભ. કેશવલાલ નારણદાસ પટેલ, કનીપુર. પ.ભ. કાળુભાઈ મુળાભાઈ બોળવીયા, વેળાવદર. **જેઠ વદી-૫** અ.નિ. અમીબેન જયસિમ્હા, અમદાવાદ. **જેઠ વદી-૬** અ.નિ. રામભાઈ મંગળભાઈ. **જેઠ વદી-૮** પ.ભ. મગનલાલ લીલાધર ચોકસી, અમદાવાદ. **જેઠ વદી-૯** પ.ભ. ધીરૂભાઈ નારાયણભાઈ પટેલ. **જેઠ વદી-૧૦** પ.ભ. નરેન્દ્રભાઈ શિવલાલ ઠક્કર, અમદાવાદ. **જેઠ વદી-૧૨** પ.ભ. કનુભાઈ નારાયણભાઈ પટેલ. પ.ભ. જયંતિલાલ નારાયણદાસ સુરેલીયા. **જેઠ વદી-૧૪** પ.ભ. શીવજીભાઈ ધનજીભાઈ ગોરસીયા, સુખપર-ભૂજ.

**અષાઢ સુદી-૨** અ.નિ. ચંદ્રેશકુમાર ગોવિંદભાઈ, નડિયાદ. **અષાઢ સુદી-૩** પ.ભ. હસમુખભાઈ મોતીલાલ પટેલ, શાહીબાગ. પ.ભ. જયંતીલાલ નારાયણદાસ સુરેલીયા. **અષાઢ સુદી-૪** અ.નિ. રામજીભાઈ ગોપાળ હીરાણી. **અષાઢ સુદી-૯** પ.ભ. જશુભાઈ પટેલ (હ. નટુભાઈ એસ. પટેલ કારભારી સાહેબ) **અષાઢ સુદી-૧૦** પ.ભ. રાજુભાઈ માધવલાલ પટેર, ગુલાબપુરા. અ.નિ. માધાભગત. **અષાઢ સુદી-૧૩** પ.ભ. સાં.યો. રાઈબાબેન ભગત, પ.ભ. સોમાભાઈ વાધજીભાઈ પટેલ, ધનસુરા. **અષાઢ સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ ગજજર (હ. વાસુદેવભાઈ ગજજર), અમદાવાદ.

**અષાઢ વદી-૨** પ.ભ. મગનલાલ ગિરધરલાલ ચોકસી, અમદાવાદ. પ.ભ. ઠાકોરભાઈ નટવરલાલ ઓઝા, અમદાવાદ. **અષાઢ વદી-૪** પ.ભ. શંકરલાલ અમથાલાલ પટેલ. **અષાઢ વદી-૫** અ.નિ. શીવીબેન ત્રિભોવનદાસ પટેલ, વજાપુર. **અષાઢ વદી-૯** પ.ભ. ડૉ. કનુભાઈ પટેલ, અસલાલીવાળા. **અષાઢ વદી-૧૦** પ.પૂ. બાળલાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે સ્વામિનારાયણ મંદિર અમદાવાદ. પ.ભ. શંકરલાલ અમથાલાલ પટેલ. **અષાઢ વદી-૧૨** પ.ભ. વિશ્રામ કરશન રૂપાળીયા, સુખપુર. **અષાઢ વદી-૧૩** પ.ભ. ગોવિંદલાલ અમથાલાલ પટેલ, કોઠાવાળા.

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**બળોલ (ભાલ) (મૂળીદેશ) :** પ.ભ. ગોવિંદભાઈ વાઘાભાઈ સિંધવ (જેમના દાદાને શ્રીહરિએ અતિ રાજી થઈ પોતાના દિવ્ય ચરણ પાડી આપેલા. જે હાલ તેમના ત્યાં સુરક્ષિત છે) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૭-૭-૦૪ના રોજ અક્ષરનિવાસી થયા છે.

**મોટા અંકેવાળીયા (તા. ધ્રાંગધ્રા - મૂળીદેશ) :** પ.ભ. ભગવાનભાઈ વિઠ્ઠલભાઈ પારેજીયા તા. ૨૩-૬-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વહેલાલ :** પ.ભ. ગોવિંદભાઈ અંબાલાલ તા. ૧-૭-૦૪ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

પ.ભ. ડાહ્યાભાઈ (મંદિરના માજી પૂજારી)ના ધર્મપત્નિ કંકુબા તા. ૨-૭-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**મોડાસા (જી. સાબરકાંઠા) :** પ.ભ. શંકરભાઈ કોહ્યાભાઈના ધર્મપત્નિ તા. ૧૫-૭-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ડેમાઈ (સાબરકાંઠા) :** પ.ભ. માધુભાઈ રેવાભાઈ પટેલ તા. ૧૦-૭-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.






નારાયણઘાટ મંદિરમાં અધિકમાસ નિમિત્તે આયોજીત પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરી આશીર્વાદ આપતાં પ.પૂ. મહારાજશ્રી



અધિકમાસ પ્રસંગે રંગમહોલના શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરી આરતી ઉતારતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



નારાયણઘાટ મંદિરમાં અધિકમાસ પ્રસંગે આયોજીત કલાત્મક હિંડોળાની ડોર ખેંચી ઉદ્‌ઘાટન કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી




અધિકમાસમાં અધિક લાભ એ પરંપરાગત આપણાં દરેક મંદિરોમાં અધિક માસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.આવાજ એક પ્રસંગે નારણઘાટ મંદિરન સમૂહ મહાપૂજાનો લાભ લેતા હરિભક્તો.





આપણા ગાંધીનગર સેક્ટર -૨ ખાતેના મંદિરમાં પણ અધિક માસની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રદર્શન (હિમાલય દર્શન)નું ઉદ્‌ઘાટન કરતા અને હિંડોળા નિહાળતા પૂ.ધ્યાની સ્વામી










પ.પૂ.બાળ લાલજી મહારાજશ્રી પોતાના ૭માં જન્મોત્સવ પ્રસંગે પૂ.દાદાશ્રી સાથે શ્રી નરનારાયણદેવની આરતી ઉતારીને સભામાં પૂ.લાલજી મહારાજ તથા પ.પૂ.મહારાજશ્રી સાથે બિરાજ્યા ત્યારે સંતો અને હરિભક્તોની વિશાળ સભાએ તેઓશ્રીને ઉમળકાભેર વધાવી લીધા હતા..